RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 308 Dt. 14-05-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# યુપીમાં આકાશી આફતથી ૫૪ મોત

## ચોમેર તબાહીના દ્રશ્યો : ૩૮ જિલ્લામાં 'યેલો એલર્ટ' જાહેરઃ આંધી-તોફાન અને વીજળી પડતા જનજીવન અસ્તવ્યસ્ત, ખેતીને ભારે નુકસાન

નવી દિલ્હી, તા.૧૩

ઉત્તર પ્રદેશમાં આજે બુધવારે આવેલા ભીષણ વાવાઝોડા, વરસાદ અને કરા પડવાને કારણે ભારે તબાહી મચી છે. રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં ઝાડ પડવા, દીવાલ ધરાશાયી થવી, વીજળી પડવી અને ટીન શેડ ઉડવા જેવી ઘટનાઓમાં અત્યાર સુધીમાં અંદાજે ૫૪ લોકોના મોત થયા છે, જ્યારે હજારો લોકો ઘાયલ થયા છે. હવામાન વિભાગે રાજ્યના ૩૮ જિલ્લાઓમાં વાવાઝોડું, વરસાદ અને વીજળી પડવા અંગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ પશ્ચિમ ઉત્તર પ્રદેશ પર બનેલી ચક્રવાત સિસ્ટમ અને દક્ષિણ રાજસ્થાનથી આવતા પૂર્વીય પવનોની અસરને કારણે રાજ્યમાં અનેક સ્થળોએ ૮૦ થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. બુધવારે બપોર પછી શરૂ થયેલો હવામાનનો આ ફેરફાર સાંજ સુધીમાં મોટા વાવાઝોડામાં ફેરવાઈ ગયો હતો.

ઝડના અનેક જિલ્લાઓમાં મોટી જાનહાનિ થઈ છે. ભદોહીમાં ૧૦, પ્રયાગરાજ મંડળમાં ૧૦, ફતેહપુરમાં ૮, ઉન્નાવમાં ૭, બદાયુમાં ૬, બરેલીમાં ૪, સીતાપુરમાં ૨ અને રાયબરેલીમાં ૧ મૃત્યુ નોંધાયું છે. આ સિવાય હરદોઈ, ઝાંસી, કાનપુર દેહાત, સંભલ, પ્રતાપગઢ અને અન્ય જિલ્લાઓમાં પણ લોકોએ જીવ ગુમાવ્યા છે.



ઉન્નાવ જિલ્લામાં ભારે વાવાઝોડા અને વરસાદ દરમિયાન અલગ-અલગ ઘટનાઓમાં ત્રણ લોકોના મોત થયા છે. દહી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આંબાનું ઝાડ પડવાથી ૭૦ વર્ષીય ખેડૂત રામ આશ્રયનું મોત થયું હતું. જ્યારે આસીવન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નીલગિરીનું ઝાડ પડવાથી ૯ વર્ષના અંશનું મોત નીપજ્યું હતું. અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ છે અને તેમની સારવાર લખનઉ ટ્રોમા સેન્ટરમાં ચાલી રહી છે.

ખરાબ હવામાનનાં કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું અને પાકને પણ ભારે નુકસાન થયું હતું. આંધીને કારણે વીજળીના થાંભલા પડી ગયા અને તાર તૂટી પડતા સેંકડો ગામોમાં વીજ પુરવઠો ઠપ થઈ ગયો હતો. અનેક જગ્યાએ રસ્તાઓ અવરોધિત થયા અને કેરી, ઘઉં તથા શાકભાજીના પાકને ભારે નુકસાન પહોંચ્યું હતું.

ઉત્તર પ્રદેશમાં ભારે ગરમી વચ્ચે છેલ્લા એક અઠવાડિયાથી વરસાદ પણ પડી રહ્યો છે. સોમવારે લખનઉ સહિત ૫૦થી વધુ જિલ્લાઓમાં સવારે ૮:૩૦ વાગ્યાની આસપાસ આકાશમાં કાળા વાદળો છવાઈ ગયા હતાં અને ગાજવીજ સાથે તેજ પવન અને વરસાદ શરૂ થયો, જેના કારણે વાહનોને લાઈટ ચાલુ કરવી પડી હતી.

હવામાન વિભાગ મુજબ હજી પણ બે દિવસ સુધી રાજ્યના પૂર્વથી પશ્ચિમ વિસ્તારોમાં તેજ આંધી, મધ્યમથી ભારે વરસાદ અને કરા પડવાની ચેતવણી આપવામાં આવી છે. ૬૦ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને ૪૦થી વધુ જિલ્લાઓમાં વીજળી પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

બિહારમાં ઔરંગાબાદ, ગયા, રોહતાસ, ભોજપુર, વૈશાલી, પૂર્વી ચંપારણ, સીતામઢી અને બગહામાં ભારે નુકસાન થયું છે. ઔરંગાબાદ જિલ્લામાં વીજળી પડવાથી ૩ લોકોના મૃત્યુ થયા અને ૫ ગ્રામજનો ઘાયલ થયા છે. પૂર્વી ચંપારણ જિલ્લામાં ૫ લોકોના મૃત્યુ થયા છે. ગયામાં શેરઘાટી, ટિકારી અને કોનચ વિસ્તારમાં પણ વીજળી પડવાથી મૃત્યુ થયા છે. સૌથી વધુ મોત પૂર્વી ચંપારણમાં નોંધાયા છે. આમ, આંબા અને લીચી સહિતના પાકને પણ ભારે નુકસાન થયું છે.

અચાનક આવેલા ભયંકર વાવાઝોડાને કારણે સેંકડો ઝાડ અને વીજળીના થાંભલા પડી ગયા છે. અનેક જિલ્લાઓમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો અને રસ્તાઓ પર વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. કેટલીક જગ્યાએ કાર અને મકાનોને પણ નુકસાન થયું છે. હવામાન વિભાગે લખનઉ, ઉન્નાવ, સીતાપુર, પ્રયાગરાજ, જોનપુર, પ્રતાપગઢ, બાંદા સહિત ૩૮ જિલ્લાઓમાં આગામી કેટલાક કલાકો માટે ભારે વરસાદ, વીજળી પડવા અને ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની ચેતવણી જાહેર કરી છે.

લખનઉ હવામાન કેન્દ્ર મુજબ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે આગામી એક-બે દિવસ હવામાન આવું જ રહેશે. ત્યારબાદ ૧૫ મેથી તાપમાનમાં ૬ થી ૮ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે અને ઘણા જિલ્લાઓમાં પારો ૪૫ ડિગ્રી સેલ્સિયસને પાર કરી શકે છે.મુખ્યમંત્રી કાર્યાલયે તમામ અસરગ્રસ્ત જિલ્લાઓના કલેકટરને રાહત અને બચાવ કાર્ય તેજ કરવા, ઘાયલોને શ્રેષ્ઠ સારવાર પૂરી પાડવા અને મૃતકોના પરિવારજનોને તાત્કાલિક સહાય આપવા સૂચના આપી છે.

# કંડલા પોર્ટ પર ઝેરી ગેસ ફાટી નીકળતા ત્રણના મોત

## જહાજમાં રાખવામાં આવેલા લાકડામાં વપરાતા કેમિકલની ઝેરી અસરને કારણે આ દુર્ઘટના ઘટી

રાજકોટ, તા. ૧૩

ગુજરાત સહિત સમગ્ર ભારતમાં સતત દુર્ઘટના ઘટી રહી છે ત્યારે ગઈકાલે કંડલા પોર્ટ પર ૧૩ નંબરની જેટી પર કામ કરતા ત્રણ મજૂરોના ઝેરી ગેસ ફાટી નીકળતા મોત નીપજ્યા છે. પ્રાથમિક અહેવાલ મુજબ, જહાજમાં રાખવામાં આવેલા લાકડામાં વપરાતા કેમિકલની ઝેરી અસરને કારણે આ દુર્ઘટના ઘટી હોવાની આશંકા છે. જેટી નંબર ૧૩ પર લાકડા ભરેલું એક જહાજ લાંગરવામાં આવ્યું હતું. આ જહાજમાં માલ ખાલી કરવાની કે, અન્ય કામગીરી દરમિયાન ત્રણ મજૂરો અચાનક બેભાન થઈ ગયા હતા. લાકડાને જંતુમુક્ત રાખવા માટે વપરાતા ઉગ્ર ઝેરી કેમિકલ અથવા ગેસની અસરને કારણે આ ત્રણેય શ્રમિકોના મોત થયા હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ઘટનાની જાણ થતા જ પોર્ટના ઉચ્ચ અધિકારીઓ અને એમ્બ્યુલન્સ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. શ્રમિકોને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.



આ ઘટનાને પગલે પોર્ટ પર સુરક્ષા અને સલામતીના સાધનો મુદ્દે પણ સવાલો ઉઠી રહ્યા છે. હાલમાં કંડલા પોર્ટ પ્રશંસાશન અને સ્થાનિક પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. એફએસએલ (ત્નજીક) ની મદદ લઈને જહાજમાં કયા પ્રકારનું ઝેરી કેમિકલ હતું અને મજૂરો પાસે પૂરતા સેફ્ટી ગિયર્સ હતા કે, નહીં તે દિશામાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જવાબદારી સ્વીકારી : ડઝનબંધ શંકાસ્પદોની પૂછપરછ

# NEET UG મામલે પાંચની ધરપકડ

નવીદિલ્હી, તા. ૧૩

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) મેડિકલ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (NEET) પેપર લીક કેસમાં CBI કાર્યવાહી કરી રહી છે. મંગળવાર અને બુધવારે હાથ ધરાયેલા ઓપરેશનમાં, CBIએ પાંચ માસ્ટરમાઇન્ડની ધરપકડ કરી. આ આરોપીઓમાંથી ત્રણ જયપુરના, એક ગુરુગ્રામના અને એક નાસિકના છે. ડઝનબંધ અન્ય શંકાસ્પદોની પૂછપરછ કરવામાં આવી રહી છે. NEET-UG પરીક્ષા રદ થયા બાદ, સરકારે NTA તરફથી મળેલી માહિતીના આધારે કેસ CBIને સોંપ્યો હતો. સરકારની લેખિત ફરિયાદના આધારે, એજન્સીએ BNS એક્ટની સંબંધિત કલમો હેઠળ અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો હતો. અહેવાલો અનુસાર, NEET-UG પેપર સૌપ્રથમ નાસિકના રહેવાસી સુભમ ખૈરનાર દ્વારા મેળવવામાં આવ્યું હતું. ત્યાંથી, તેણે પેપર હરિયાણાના એક વ્યક્તિને ₹૧.૫ મિલિયનમાં વેચી દીધું. ત્યારબાદ આ પેપર હરિયાણા, રાજસ્થાન, કેરળ અને જમ્મુ અને કાશ્મીર સહિત અનેક પ્રદેશોમાં ફેલાઈ ગયું.

મેડિકલના વિદ્યાર્થીઓમાં આ પેપર વિશેની પહેલી માહિતી રાજસ્થાનથી અનુમાન પેપર તરીકે ફેલાઈ હતી. અહીં, કેરળમાં અભ્યાસ કરતા પીજી ઓપરેટરના પુત્રએ આ પેપર તેના પિતાને PDF સ્વરૂપમાં મોકલ્યું. પરીક્ષા પછી, જ્યારે તે રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના શિક્ષકોને મોકલવામાં આવી, ત્યારે જાણવા મળ્યું કે રસાયણશાસ્ત્રના ૧૦૮ માંથી ૪૫ પ્રશ્નો અને જીવવિજ્ઞાનના ૨૦૪ માંથી ૯૦ પ્રશ્નો કથિત અનુમાન પેપર સાથે મેળ ખાતા હતા.

સૂત્રોએ દાવો કર્યો હતો કે સીકરની કેટલીક કોચિંગ સંસ્થાઓએ પસંદગીના વિદ્યાર્થીઓને આ કહેવાતા અનુમાન પેપરના આધારે NEET-UG ની તૈયારી કરવાનું કહ્યું હતું, જ્યારે કેટલાક ઉમેદવારોને PDF નકલો આપવામાં આવી હતી. જ્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો, ત્યારે કેટલાક શિક્ષકોએ શરૂઆતમાં ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સીકર પોલીસે કથિત રીતે કેસ નોંધવાનો ઇનકાર કર્યો હતો. ત્યારબાદ તેઓએ NTA ને ઈમેઈલ કર્યો, જેણે ઇન્ટેલિજન્સ બ્યુરો (IB) ને જાણ કરી હતી. ત્યારબાદ IB એ રાજસ્થાન સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ને આ મામલાની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો. તપાસમાં સમગ્ર ઘટનાનો ખુલાસો થયો.

NTA ના ડિરેક્ટર જનરલ અભિષેક સિંહે જણાવ્યું હતું કે, ''આ વિસંગતતા માટે અમે જવાબદાર છીએ. પરીક્ષા ફરીથી લેવામાં આવશે.'' છ થી આઠ દિવસમાં નવી તારીખ જાહેર કરવામાં આવશે. દરમિયાન, કેન્દ્ર સરકારે તપાસ CBI ને સોંપી દીધી છે. એજન્સીએ આ મામલે FIR દાખલ કરી છે. બુધવારે, CBI ની એક ટીમ તપાસ માટે NTA ઓફિસ પહોંચી હતી. NTA એ




જણાવ્યું હતું કે પરીક્ષા રદ કરવાનો નિર્ણય ભારત સરકારની મંજૂરી મળ્યા પછી લેવામાં આવ્યો હતો. દરમિયાન, જ્યારે દિલ્હીમાં મીડિયા દ્વારા શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને આ બાબતે પ્રશ્ન કરવામાં આવ્યો, ત્યારે તેઓ કોઈ ટિપ્પણી કર્યા વિના ચાલ્યા ગયા.

પ્રશ્ન બેંકમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાનના ૩૦૦ થી વધુ પ્રશ્નો હતા. આમાંથી, ૧૫૦ પ્રશ્નો NEET પરીક્ષાના પ્રશ્નો જેવા જ હતા. પેપરમાં કુલ પ્રશ્નોની સંખ્યા ૧૮૦ છે, દરેકમાં ૪ ગુણ છે. આનો અર્થ એ થયો કે ૭૨૦ પ્રશ્નોમાંથી ૬૦૦ પ્રશ્નો સીધા પ્રશ્ન બેંકમાંથી આવ્યા હતા. નિષ્ણાતો કહે છે કે જ્યારે કેટલાક પ્રશ્નો ચોક્કસ પ્રશ્ન બેંકમાંથી સમાન દેખાઈ શકે છે, ત્યારે આટલી મોટી સંખ્યામાં પ્રશ્નો સામાન્ય રીતે અસંભવિત છે.

# મણિપુરમાં ૩ કુકી ધર્મગુરુની ગોળી મારી હત્યા



નેશનલ હાઈવે ૨ ચક્કાજામ : મણિપુરમાં ભરેલો અગ્નિ

મણિપુર,તા.૧૩

મણિપુરમાં ચાલી રહેલા વંશીય સંઘર્ષની વચ્ચે એક અત્યંત દુખદ ઘટના સામે આવી છે. કાંગપોકપી જિલ્લામાં શાંતિ અને સમાધાનના ઉમદા હેતુ માટે કાર્યરત ત્રણ કુકી ખ્રિસ્તી ધર્મગુરુ પર ઘાતકી હુમલો કરાયો છે. આ હુમલામાં સ્થાનિક સ્તરે જાણીતા અને લોકપ્રિય રેવરેન્ડ વી. સીતલ્હૌ (Rev V Sitlhou) સહિત ત્રણ વરિષ્ઠ (ધાર્મિક) નેતાઓએ પણ જીવ ગુમાવ્યા છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર, થાદુ બેપ્ટિસ્ટ એસોસિએશન (TBA) અને યુનાઇટેડ બેપ્ટિસ્ટ કાઉન્સિલ (UBC) ના પ્રતિનિધિઓ ચુરાચાંદપુરથી કાંગપોકપી તરફ જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. તેઓ નાગાલેન્ડમાં આયોજિત શાંતિ મંત્રણામાં હાજરી આપવા ગયા હતા. આ ધર્મગુરુઓ અહીંના વિવિધ સમુદાય વચ્ચે સુમેળ સ્થાપવાના પ્રયાસોમાં જોડાયેલા હતા. આ દરમિયાન રસ્તામાં સશસ્ત્ર હુમલાખોરોએ તેમના વાહનો પર અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં પાંચ અન્ય લોકો પણ ઘાયલ થયા છે, જેમને નજીકની હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા છે. આ ઘટના બાદ 'કુકી ચર્ચના ત્રણ ધર્મગુરુની હત્યા' થઈ હોવાના અનેક અહેવાલો પ્રસારિત થયા હતા. જો કે, સોશિયલ મીડિયામાં કેટલાક લોકોએ દાવો કર્યો છે કે, મણિપુરમાં ખોટી ઓળખને કારણે, થાદુ લોકોએ ભારે કિંમત ચૂકવી છે અને તેઓ મણિપુરમાં તમામ બાજુથી ચાલી રહેલી વંશીય હિંસાના સૌથી ખરાબ ભોગ બન્યા છે. થાદુ એ કુકી નથી પરંતુ અલગ છે. થાદુ બેપ્ટિસ્ટ એસોસિએશન (TBA) એ કુકી ક્રિશ્ચિયન લીડર્સ ફોરમ (KCLF), કુકી બેપ્ટિસ્ટ કન્વેન્શન (KBC) કે કુકી ક્રિશ્ચિયન ચર્ચ (KCC)નો હિસ્સો નથી.

મણિપુરમાં મે ૨૦૨૩ શરૂ થયેલી હિંસામાં અત્યાર સુધીમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. અગાઉ પણ ધાર્મિક સ્થાનો અને નેતાઓને નિશાન બનાવવાની ઘટનાઓ બની છે. હાલની ઘટનાએ વર્ષ ૨૦૨૩ની યાદો તાજી કરી દીધી છે, જેમાં મણિપુરના વિવિધ વિસ્તારોમાં ચર્ચ પર હુમલા થયા હતા. કુકી સંગઠનોએ આ ઘટનાને 'પૂર્વાયોજિત ષડયંત્ર' ગણાવ્યું છે. તેમનો આરોપ છે કે આ હુમલો શાંતિ પ્રક્રિયાને પાટા પરથી ઉતારવા માટે કરાયો છે.

આ હત્યાકાંડના વિરોધમાં કુકી સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશન (KSO) એ તાત્કાલિક અસરથી અનિશ્ચિત મુદ્દત માટે બંધનું એલાન આપ્યું છે. મણિપુરની જીવાદોરી સમાન ગણાતા નેશનલ હાઈવે ૨ પર પણ ચક્કાજામના અહેવાલ છે. જેના કારણે વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે. કુકી ઇનપી મણિપુરે કેન્દ્ર સરકાર પાસે આ મામલે તટસ્થ તપાસની માંગ કરી છે.

આ અંગે સ્થાનિક નેતાઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે, જ્યારે ધર્મગુરુઓ સમાજમાં શાંતિ સ્થાપવા નીકળ્યા હોય ત્યારે તેમની હત્યા કરવી એ લોકશાહી અને માનવતા માટે કલંક સમાન છે. હાલ સમગ્ર વિસ્તારમાં ભારે તણાવની સ્થિતિ છે અને સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

મણિપુરમાં કેટલાક લોકોનો એવો મત છે કે, કુદી અને થાદુ ચર્ચ જુદા છે. થાદુ એક જુદી માન્યતા પ્રાપ્ત જન જાતિ અને ભાષા છે, જે પોતાની આગવી ઓળખ ધરાવે છે. જ્યારે કુકી એ એક વ્યાપક શબ્દ છે, જેમાં થાદુ સહિતની વિવિધ જન જાતિઓ સામેલ છે. ઐતિહાસિક રીતે એક જૂથ હોવા છતાં આજે થાદુ ઇનપી (Thadou Inpi) જેવા જૂથો થાદુ અલગ સંસ્કૃતિ અને ઓળખનો દાવો કરે છે. તેમનો દાવો છે કે, 'થાદુ એ કુકી નથી.'

# ગુજરાતને મળ્યો સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ

## રાજ્ય માટે ગૌરવની વાત ગણાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર, તા.૧૩

ધોલેરા જંઈછ, નિર્માણાધીન ધોલેરા એરપોર્ટ અને લોથલ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડનારો બહુઆયામી પ્રોજેક્ટથી ઈંધણની બચત થશે તથા કાર્બન ઉત્સર્જન અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટ દ્વારા અંદાજે રૂ. ૨૦,૬૬૭ કરોડના ખર્ચે અમદાવાદના સરખેજથી ધોલેરા સુધી સેમી હાઇસ્પીડ ડબલ લાઇન રેલ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પીએમ-ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન અંતર્ગત આયોજન કરવામાં આવેલા આ નવતર પ્રોજેક્ટની મહત્વપૂર્ણ વિકાસલક્ષી ભેટ ગુજરાતને આપવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

'આત્મનિર્ભર ભારત'ની સંકલ્પના સાકાર કરતો અને સ્વદેશી ટેકનોલોજી પર આધારિત ભારતીય રેલ્વેનો આ પ્રથમ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અમદાવાદ, ધોલેરા જંઈછ, નિર્માણાધીન ધોલેરા એરપોર્ટ અને લોથલ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડનારો બહુ આયામી પ્રોજેક્ટ બનશે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ભારતનો પ્રથમ સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ગુજરાતને મળવો એ સમગ્ર રાજ્ય માટે ગૌરવની બાબત છે. વડાપ્રધાનના વિઝનથી શરૂ થનારો આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ગુજરાતના આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં એક ઐતિહાસિક માઈલસ્ટોન સાબિત થશે. આ પ્રોજેક્ટ દેશના પ્રથમ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ તરીકે, સેમી હાઈસ્પીડ રેલના તબક્કાવાર વિસ્તરણ માટે સંદર્ભ મોડેલ તરીકે કામ કરતા અગ્રણી પ્રોજેક્ટ તરીકે સેવા આપશે.

કેન્દ્ર સરકારે મંજૂર કરેલા આ પ્રોજેક્ટમાં સંકલિત આયોજન અને હિતધારકોની સલાહ દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક કાર્યક્ષમતા વધારવા માટે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ લોકો, માલસામાન અને સેવાઓની અવરજવર માટે સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડશે.

આ સૂચિત પ્રોજેક્ટ ભારતીય રેલવેના હાલના નેટવર્કમાં આશરે ૧૩૪ કિમીનો વધારો કરશે. આ ઉપરાંત આશરે ૨૮૪ ગામોની કનેક્ટિવિટી વધશે તેનાથી અંદાજે ૫ લાખ લોકોને તેનો લાભ મળશે.

એટલું જ નહિ, પર્યાવરણ અનુકૂળ અને ઊર્જા કાર્યક્ષમ પરિવહન વ્યવસ્થાના ભાગરૂપે આ પ્રોજેક્ટ ઇંધણની બચત થશે અને કાર્બન ઉત્સર્જન તેમજ લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે.



# એસ્કોર્ટ-પાયલોટીંગની સુવિધા નિયત મહાનુભાવોને જ ફાળવાશે : રાવ

## પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવ દ્વારા મહત્વના આદેશઃ બિનજરૂરી મુસાફરી ટાળવા અને ટેકનોલોજીનો વ્યાપ વધારવા સૂચના

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજ્યના પોલીસ વડા ડો. કે. એલ. એન. રાવ દ્વારા રાજ્યના તમામ ફિલ્ડ યુનિટ, શહેર અને જિલ્લાના વડાઓ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મહત્વની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં પોલીસ વિભાગની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાની સાથે સાથે ઈંધણ અને અન્ય સરકારી સંસાધનોનો કરકસરયુક્ત ઉપયોગ કરવા મહત્વની સૂચના આપવામાં આવી છે.

આ સંદર્ભે ડો. રાવે જણાવ્યું હતું કે એસ્કોર્ટ અને પાયલોટીંગની સુવિધા માત્ર નિયત કેટેગરી મુજબ પાત્રતા ધરાવતા મહાનુભાવોને જ ફાળવવામાં આવશે. સામાન્ય સંજોગોમાં પાયલોટીંગ કે ગાઈડ-કારની ફાળવણી ટાળવા અને અનિવાર્ય સંજોગોમાં શહેરી વિસ્તારમાં મોટરબાઈક તથા હાઈવે પર ફોર-વ્હીલરનો ઉપયોગ કરવા જણાવાયું છે.

કોર્ટની કામગીરી બાબતે પણ મહત્વનો ફેરફાર સૂચવતા તેમણે જણાવ્યું હતું કે, સરકારી વકીલ સાથેના બ્રિફિંગ માટે અધિકારીઓએ રૂબરૂ જવાને બદલે ટેલિફોનિક અથવા અન્ય કોમ્યુનિકેશન માધ્યમનો ઉપયોગ કરવો. તેમજ 'ન્યાયશ્રુતિ' પ્રોજેક્ટ હેઠળ ઓનલાઈન વીડિયો કોન્ફરન્સ મારફતે સાક્ષી કે જુબાની આપવાની પ્રક્રિયાને પ્રાધાન્ય આપવું, જેથી મુસાફરીનો સમય અને ખર્ચ બચી શકે.

વહીવટી સ્તરે પણ પરિવર્તન લાવતા માટે હવે વિભાગની તમામ પ્રકારની મીટિંગો અને ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન ફરજિયાતપણે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જ કરવાનું રહેશે. તપાસ અને સુપરવિઝન હેઠળની ચર્ચાઓ માટે પણ તપાસ અધિકારી અને સુપરવિઝન અધિકારી વચ્ચેની બેઠકો ટેલિફોનિક માધ્યમથી જ પૂર્ણ કરવા સૂચના અપાઈ છે.

બંદોબસ્ત માટે ફોર્સની ફાળવણીમાં પણ વ્યવહારુ અભિગમ અપનાવતા નજીકના પોલીસ સ્ટેશનોમાંથી જ સ્ટાફની ફાળવણી કરવા અને સ્ટાફ માટે ચોક્કસ પીક-અપ પોઈન્ટ નક્કી કરી એક જ વાહનમાં મુસાફરી કરવા અથવા જરૂર જણાયે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા બેઠકમાં જણાવવામાં આવ્યું છે.

### શ્રી ચમત્કારિક હનુમાનજી મંદિરે

# શનિવારે દબદબાભેર ઉજવાશે 'શનિ જન્મોત્સવ'

## યજ્ઞ, ધ્વજારોહણ, મહાપ્રસાદ અને શનિ ચાલીસાના પાઠ સહિતના અનેકવિધ આયોજનોઃ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા પ્રમુખ ધર્મેન્દ્ર ભગત અને કમીટીનો અનુરોધ

રાજકોટ, તા.૧૩

રાજકોટના કાલાવાડ રોડ પર આસ્થાનું કેન્દ્ર બનેલા શ્રી ચમત્કારિક હનુમાનજી મંદિર ખાતે આગામી તા.૧૬ ને શનિવારના રોજ શનિ જન્મોત્સવની દબદબાભેર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર દિવસે સવારથી મોડી રાત સુધી ભક્તિમય વાતાવરણ વચ્ચે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

મંદિર ટ્રસ્ટ દ્વારા આ દિવસને યાદગાર બનાવવા માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. આ દિવસે યોજાનારા કાર્યક્રમોમાં સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન પવિત્ર શનિ યજ્ઞનું આયોજન કરાયું છે. સવારે ૧૦ વાગ્યે મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવામાં આવશે. સાંજે ૫ થી ૬ વાગ્યે હનુમાનજી અને શનિદેવ સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરવામાં આવશે. સાંજે ૭:૦૦ વાગ્યે ભવ્ય આરતી બાદ ૭:૩૦ વાગ્યે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. રાત્રે ૯ વાગ્યે સંજયભાઈ ભટ્ટ દ્વારા શનિ ચાલીસા અને હનુમાન ચાલીસાના પાઠનું સંગીતમય આયોજન કરાયું છે.

સેવા અને સમર્પણ કરનાર દાતાઓના યોગદાન અંગે મળેલી વિગતો પ્રમાણે ધાર્મિક મહોત્સવમાં શહેરના અગ્રણીઓ પોતાની સેવા અર્પણ કરી રહ્યા છે. મંદિર જીર્ણોદ્ધારના દાતા તરીકે જેએમજે ગ્રુપના મયુરધ્વજસિંહ જાડેજા તેમજ એડવોકેટ બલભદ્રસિંહ ચુડાસમા સેવા આપી રહ્યા છે. શનિ જયંતિ મહોત્સવના મુખ્ય દાતા તરીકે આફ્રિકાવાળા ઘનશ્યામભાઈ જોબનપુત્રા, પ્રશાંતભાઈ જોબનપુત્રા અને જોબનપુત્રા પરિવાર સહભાગી બન્યા છે. જ્યારે ધાર્મિક ઉત્સવના દાતા તરીકે જગદીશભાઈ હરીયાણી પોતાની સેવા આપશે.

તમામ ધાર્મિક ઉત્સવોનો લાભ લેવા માટે શ્રી ચમત્કારિક હનુમાનજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ ભગત, કાર્યકારી પ્રમુખ-એડવોકેટ ગીરીરાજસિંહ રાઠોડ તેમજ પૂર્વ કોર્પોરેટર નિરુભા વાઘેલા દ્વારા રાજકોટની ધર્મપ્રેમી જનતાને હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

### મોરબી રોડથી ગ્રીનલેન્ડ ચોકડીના રસ્તે ડીસીબીનો દરોડો

# પોણા લાખનો દારૂ ભરેલી ઈકો સાથે રીઢો બુટલેગર ઝડપાયો

રાજકોટ,તા.૧૩

વિદેશી દારૂના વધુ એક સફળ દરોડામાં ડીસીબીની ટીમે પોણા લાખનો દારૂ ભરેલી કાર પકડી લીધી હતી.

પોલીસે મોરબી રોડથી ગ્રીનલેન્ડ ચોકડીના રસ્તે કાર આંતરી રૂા. ૭૧૮૪૦નો દારૂનો જથ્થો કબ્જે કરી નામીચા બુટલેગરને પકડયો હતો.` ચુનારાવાડનો આ શખ્સ અગાઉ દારૂના એક ડઝન ગુનામાં સંડોવાઇ ચુક્યો હતો. ડીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. જયરાજભાઇ કોટીલા, ધારાભાઇ વાનરીયાને બાતમી મળતાં મોરબી રોડ જકાતનાકાથી ગ્રીનલેન્ડ ચોકડી વચ્ચેના રોડ પર વોચ રાખી જીજે૦૩એનકે-૩૧૬૩ નંબરની ઈકો કાર આંતરી લીધી હતી.

તેમાં દારૂનો જથ્થો હોઇ ચાલકની પુછતાછ કરતાં પોતાનું નામ હનીફ હુશેનભાઇ મંઘરા (રહે. શિવાજીનગર-૧૦, ચુનારાવાડ ચોક, દુધસાગર રોડ) જણાવ્યું હતું. પોલીસે આ શખ્સની હિસ્ટ્રી ચેક કરતાં તે નામચીન બુટલેગર હોવાની વિગતો મળી હતી. હનીફ હસ્તકની ઈકો કારમાં તપાસ કરતાં ૧૮૦ એમએલ એઇટ સ્પેશીયલ વ્હીસ્કીના રૂા. ૪૮૦૦૦ના ૩૮૪ ચપલા, ગ્લોબસ ગ્રીન વ્હીસ્કીના ૧૮૦ એમએલના ૧૨૯૬૦ના ૧૪૪ ચપલા, ઓફિસર્સ ચોઇસના ૧૮૦ અમેમએલના ૧૧૫૨૦ના ૯૬ ચપલા મળી કુલ રૂા. ૭૨૮૪૦નો દારૂ મળતાં તે તથા ચાર લાખની કાર અને મોબાઇલ ફોન પણ કબ્જે કર્યા હતાં.

ડીસીબી પોલીસ સુત્રોના કહેવા મુજબ હનીફ મંધરા અગાઉ થોરાળા, ડીસીબી, બી-ડિવીઝન, ગાંધીગ્રામ પોલીસમાં દારૂના ૧૨ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ ડી. પી. ઝાલા, એએસઆઇ અમિતભાઇ અગ્રાવત, દિગપાલસિંહ જાડેજા, હેડકોન્સ. રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, સંજયભાઇ રૂપાપરા, રાહુલભાઇ ગોહેલ, ધારાભાઇ વનારીયાએ આ કાર્યવાહી કરી હતી. આ શખ્સ દારૂ ક્યાંથી લાવ્યો? તે જાણવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.



એક ડઝન ગુનામાં સામેલ ચુનારાવાડના હનીફને ઝડપી લેવાયો

# વાંકાનેરના ધીયાવડ ગામે શ્રી ધાવડી માતાજીનો નવરંગો ડોઢીયો માંડવો

## તા. ૧૫ ને શુક્રવારે યોજાનાર ધાર્મિક પ્રસંગનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને અનુરોધ

રાજકોટ, તા.૧૩

કુળદેવીશ્રી મરમરા માતાજી અને જન્મદાત્રીશ્રી શકિતમાતાજી તેમજ શ્રી ધાવડી માતાજીની અસીમ કૃપાથી શ્રી ધાવડી માતાજીનો ૨૪ કલાકનો નવરંગો માંડવોનું આયોજન, તા. ૧૫ ને શુક્રવારે, વાંકાનેર તાલુકાના ઇશ્વરીયાનેસ, ધાવડીકોઠો, મુ.ધીયાવડ સ્થિત માતાજીના મઢ ખાતે કરાયું છે. આ દિવસે સવારે ૮ વાગ્યે થાંભલી રોપણ, બપોરે ૧૨ વાગ્યે મહાપ્રસાદ, સાંજે ૪ વાગ્યે ફૂલેકું રાખવામાં આવ્યું છે. આ પ્રસંગે કરના ભુવાશ્રી તરીકે ભરતસિંહ ધિંગાજી ઝાલા, પઢીયાર ભુવાશ્રી તરીકે પરાક્રમસિંહ નીરૂભા ઝાલા, થાપાના ભુવાશ્રી તરીકે મશરૂભાઈ તેજાભાઈ મુંધવા તેમજ કરના રાવળદેવ શ્રી તરીકે ભીખાભાઈ દેવાભાઈ મેવાડા(કોઠી) અને સુરાપુરાના ભુવાશ્રી તરીકે ધનશ્યામસિંહ સજુભા ઝાલા ખાસ હાજર રહેવાના છે. જયારે તા.૧૬ ને શનિવારે સવારે ૮ વાગ્યે થાંભલી વધામણા કરવામાં આવનાર છે. માંડવા દરમિયાન પંચના ભુવાશ્રી તરીકે પ્રવિણસિંહ વજુભા ઝાલા, જયપાલસિંહ નટુભા ઝાલા ચંન્દ્રસિંહ ઉમેદસિંહ ઝાલા

ધમેન્દ્રસિંહ રાજુભા ઝાલા, કુકાભાઈ લખમણભાઈ ફાંગલીયા, હિન્દુભાઈ રાઘવભાઈ બાંભવા, પબાભાઈ લાલાભાઈ ટોટા, ધનાભાઈ સાદુળભાઈ મકવાણા, ધીરૂભાઈ રતાભાઈ મુંધવા ખાસ હાજર રહેશે.

માતાજીના માંડવાના ધાર્મિક પ્રસંગને સફળ બનાવવવા સ્વ. સજુભા બાપુભા ઝાલાના આશીર્વાદ વચ્ચે દેવુભા રાહુભા ઝાલા, નટુભા હરિસિંહ ઝાલા, નિરૂભા રાહુભા ઝાલા, વનરાજસિંહ રાહુભા ઝાલા, ભરતસિંહ ધિંગાજી ઝાલા, વિક્રમસિંહ બહાદુરસિંહ ઝાલા, ધનશ્યામસિંહ સજુભા ઝાલા, જગદિશસિંહ મંગળસિંહ ઝાલા, રસિકસિંહ ગંભીરસિંહ ઝાલા, બચુભા હેમભા ઝાલા

હિતેન્દ્રસિંહ વિક્રમસિંહ ઝાલા ઉઠાવી રહ્યા છે. માતાજીના માંડવામાં ઉપસ્થિત થઈને માતાન્જીના દર્શન કરવા અને મહા પ્રસાદનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને

નિમંત્રક ધનશ્યામસિંહ સજુભા ઝાલા અને પરાક્રમસિંહ નિરૂભા ઝાલા દ્વારા અનુરોધ કરાયો છે.

### રાજકોટના થોરાળાના ગોકુલપરામાં નજીવી વાતે પડોશીઓનો આતંક

# રિક્ષાચાલકના ઘરમાં મહિલાઓ સહિત ૮ની બાકાઝીકી

રાજકોટ,તા.૧૩

શહેરના નવા થોરાળા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેમ પડોશમાં જ રહેતા શખ્સોએ એક પરિવારના ઘરમાં ઘુસીને ખૂની ખેલ ખેલ્યો હોવાની ઘટના સામે આવી છે. આગલી રાત્રે અપશબ્દો બોલવાની ના પાડતા થયેલી બોલાચાલીનો ખાર રાખી, આજે બપોરે ટોળું હથિયારો સાથે તૂટી પડ્યું હતું, જેમાં રિક્ષાચાલક અને તેના વૃદ્ધ માતા સહિત પરિવારના સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચી છે.

નવા થોરાળા મેઇન રોડ પર ગોકુલપરા શેરી નં-૨ માં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા કાંતીભાઈ નાનજીભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગઈકાલે તારીખ બરમીના રોજ રાત્રે સાડા દશેક વાગ્યે તેઓ પોતાના ૬ વર્ષના પુત્ર હેતને ઘરની બહાર રમાડી રહ્યા હતા. તે સમયે સામે જ રહેતા હેમાંશુ સોલંકી, ગુલાબ નકુમ, અશોક નકુમ અને અવિનાશ નકુમ શેરીમાં બેસી ગાળાગાળી કરતા હતા. કાંતીભાઈએ સંસ્કારિતા ખાતર તેઓને ગાળો બોલવાની ના પાડતા આ શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ઝઘડો કર્યો હતો.ગઈકાલની અદાવત રાખીને બુધવારે તેરમીએ બપોરે બે વાગ્યાની આસપાસ, જ્યારે કાંતીભાઈનો પરિવાર ઘરે હાજર હતો, ત્યારે અચાનક આઠ શખ્સોનું ટોળું ઘાતક હથિયારો સાથે ત્રાટક્યું હતું. આ હુમલાખોરોમાં હેમાંશુ સોલંકી, ગુલાબ વિરજીભાઈ નકુમ ધોકા સાથે, અશોક વિરજીભાઈ નકુમ પ્લાસ્ટિકના પાઇપ સાથે, અવિનાશ અશોકભાઈ નકુમ પ્લાસ્ટિકના પાઇપ સાથે, જયસુખ જયંતીભાઈ નકુમ લાકડી સાથે, રાજુ જયંતીભાઈ નકુમ લાકડી સાથે, દયાબેન અશોકભાઈ નકુમ અને હંસાબેન જયંતીભાઈ નકુમ ધસી આવ્યા હતાં. આ હુમલાખોરોએ કાંતીભાઈના ઘરમાં બળજબરીપૂર્વક ઘુસી 'ગઈકાલે અમને કેમ ટોક્યા હતા' તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. જોતજોતામાં અશોક, અવિનાશ, રાજુ અને જયસુખે પાઇપ તથા લાકડીઓ વડે કાંતીભાઈ પર હુમલો કરતા તેમને માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

બચાવવા આવેલા પરિવારજનો અને સાક્ષીઓ સાથે પણ ધમાલ મચવાઈ હતી. કાંતીભાઈને માર ખાતા જોઈ તેમના પત્ની જ્યોતીબેન, ૭૦ વર્ષીય માતા સોમીબેન અને ભાઈ નરેન્દ્રભાઈ વચ્ચે પડ્યા હતા. હુમલાખોરોએ વડીલ મહિલા કે સ્ત્રીની મર્યાદા જાળવ્યા વગર તેઓને પણ મુંઢ માર માર્યો હતો. ઝઘડો શેરીમાં આવતા મહિલા આરોપીઓ દયાબેન અને હંસાબેને ઈંટોના ઘા મારી ઈજાઓ પહોંચાડી હતી. આ સમયે કાંતીભાઈના ભાણેજ દિપકભાઈ પરમાર છોડાવવા આવતા તેઓને પણ આરોપીઓએ બેફામ માર માર્યો હતો. અંતે પરિવારના સબંધીઓ સિધાર્થ સોમાભાઇ, બાવજીભાઇ ચૌહાણ, પ્રદિપ રવજીભાઇ અને રાહુલ ભીખાભાઇ ચાવડાએ વચ્ચે પડી વધુ મારમાંથી પરિવારને ઉગાર્યો હતો. હુમલાખોરો જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી આપતા ગયા હતા.


ઈજાગ્રસ્તોએ આ મામલે થોરાળા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. હેડ કોન્સ્ટેબલ ડી.એચ. વાળાએ ગુનો નોંધી તમામ આઠ આરોપીઓ વિરુદ્ધ રાયોટિંગ અને હુમલાની કલમો હેઠળ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આરોપીઓની અટકાયત માટે તજવીજ હાથ ધરી છે.



રિક્ષાચાલકે ઘર અપશબ્દો બોલવાની ના પાડી હોઈ આગલી રાતે થયેલી બોલાચાલીનો ખાર રાખી લાકડીઓ પાઈપ સાથે હલ્લો

# TPOના નબળા વલણથી નવ સ્કીમો વિવાદમાં

## ખેડૂત ન્યાય સંઘર્ષ સમિતિ દ્વારા લેખિત આવેદન : પડતર ટી.પી.સ્કીમને પુરી કરવા અને મંજુર સ્કીમોમાં યોગ્ય કપાત કરવા માંગ



રાજકોટ, તા. ૧૩

ટાઉન પ્લાનિંગ વિભાગની એક નહીં અનેકવિધ ગેરરીતિઓ સામે આવી રહી છે ત્યારે ટાઉન પ્લાનિંગ અધિકારીની માનસિકતાના કારણે રાજકોટની પોણા ડઝન ટાઉન પ્લાનિંગ સ્કીમમાં વિવાદ ઉભો થયો છે. ખેડૂત ન્યાય સંઘર્ષ સમિતિ દ્વારા ટીપી ૩૧, મોટા માવાની ટીપી સ્કીમ ૨૩ તથા ૨૪, મુંજકાની ૧૯, તથા કોઠારીયા ની ૩૮, ૩૯ અને ટીપી સ્કીમ વડ વાજડી ૪૩ ની સાથોસાથ ગઢ વાજડી ૭૭ ના ખેડૂતોને અન્યાય થયો હોવાની વાત સામે આવી છે. જેમાં ખેડૂત ન્યાય સંઘર્ષ સમિતિએ જણાવ્યું હતું કે મોટા મવા ટીપી સ્કીમ ૨૩ ૨૪ ના ઈરાદ અને આશરે ૧૭ વર્ષ થઈ ચૂક્યા છે જેમાં ૯૧% ટીપી સ્કીમ પૂર્ણ થઈ ચૂકી છે છતાં ટીપીઓ દ્વારા કપાત નહિ માનસિકતા સાથે કોઈપણ પ્રકારના મનસ્વી નિર્ણયો લઈ લેતા હોવાની ફરિયાદ ખેડૂતો દ્વારા કરવામાં આવી છે. અને ખેડૂતો સાથે છેતરપિંડી કરી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. યોગ્ય રજૂઆત કરવા છતાં ટીપીઓ દ્વારા ઉડાવ જવાબ આપતા હોવાની તથા જવાબદારી નો સ્વીકારતા હોવાની એક નહીં અનેકવિધ ફરિયાદો ઉઠી છે.

ખેડૂત સંઘર્ષ સમિતિએ જણાવ્યું હતું કે ટાઉન પ્લાનિંગ અધિકારી અથવા તો તેમની યોગ્ય સત્તાવાળાઓ ૧૯૯૨ અને ૨૦૦૪માં રાજ્ય સરકારના ટાઉન પ્લાનર દ્વારા જે ડ્રાફ્ટ પ્લાન અને ટીપીએસ તૈયાર કરવામાં આવ્યો તેમાં કોઈપણ પ્રકારનો કાયદાકીય નિયમ અને ફરજિયાત માર્ગદર્શિકાનું જે પાલન કરવામાં આવવું જોઈએ તે થયું નથી ફક્ત જમીન સંપાદન કરવા માં મોટા નફા સાથે તેને વહેંચવામાં અને પછી ૧૦ થી ૩૦ વર્ષ સુધી કઈ કાર્ય વિના ટીપીએસ છોડી દેવામાં રસ ધરાવતા હોવાનું જણાવ્યું હતું.

વધુમાં ટાઉન પ્લાનિંગ અધિકારી મોનાબેનની ટીપી સ્કીમો માટે નિમણૂક થયેલી છે તે અરજદારોના થતા પ્રશ્નોના સમાધાન માટે સક્ષમ ન હોવાની પણ ફરિયાદ ઉઠી છે. પ્રેક્ટીકલી જે નિવારણ ટીપી સ્કીમ માં થવું જોઈએ તેના બદલે જે રીતે ડ્રાફ્ટ થયેલ છે તેની વિરુદ્ધ તથા એક તરફી નિર્ણયો લેતા હોવાની ફરિયાદો પણ ઉઠી છે. મીટીંગ સમયે તથા ત્યારબાદ પણ અરજદારોને ખોટી માહિતી આપતા હોય તથા ખોટી બાંહેધરી આપીને અરજદારોને ગુમરાહ કરતા હોવાની ફરિયાદ ઉઠી છે. સાથોસાથ ન્યાય સંઘર્ષ સમિતિએ તેવી પણ માંગણી કરી છે કે ટીપીઓ મોનાબેનને બદલવામાં આવે. વધુમાં એવી પણ ફરિયાદ ઉઠી છે કે મોટા મોવા ટીપી સ્કીમ નંબર ૨૩ અને ૨૪, મુંજકા ટીપી સ્કીમ ૧૯માં ટાઉન પ્લાનિંગ અધિકારીએ મનસ્વી વલણ દાખવી પ્લોટની કપાત કરી છે. તો બીજી તરફ મુંજકાની ટીપી સ્કીમ ૧૮ તથા ૧૯ ટીપી સ્કીમ બંનેના ડ્રાફ્ટ સાથ મંજૂર થયા હતા ત્યારે મૂંઝકા ૧૮ ડ્રાફ્ટ મુજબ ફાઈનલ થયેલ હોય અને કોઈપણ બિનખેતી પ્લોટ કે મૂળ માલિક પાસેથી જમીન કપાત કરેલી નથી તો એક જ સમયે બંને સ્કીમોનો ડ્રાફ્ટ મંજૂર થાય તો ટીપી સ્કીમ ૧૯ માં કપાસનું ધોરણ વધારવાનું કારણ શું ? કેમકે પણ વિરોધના સુર ઉઠ્યા છે. બીજી તરફ એ વાત ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું કે મૂંઝકા ટાઉન પ્લાનિંગ સ્કીમ ૧૯ માં જેમ જેમ સમય જતો રહ્યો તેમ તેમ અનેક ટીપી અધિકારીઓ બદલતા ગયા છતાં નવી નવી કપાત, નવા નિયમો, તથા ખેડૂતો પ્રત્યેનું વલણ જે જોવા મળ્યું તે અયોગ્ય છે. ખેડૂત ન્યાય સંઘર્ષ સમિતિએ આવેદનપત્ર પાઠવતા કહ્યું હતું કે ટાઉન પ્લાનિંગ સ્કીમ ના કાયદામાં કોઈપણ એવી જોગવાઈ નથી કે બિનખેતી થયેલ પ્લોટ, વેચાણ થયેલ હોય તે પ્લોટ કે મૂળ માલિક પાસે બાકી રહેતા પ્લોટમાં કપાત કરવામાં આવે.

અગાઉ નગરરચના યોજના ૨૩ અને ૨૪માં પણ સોગંદનામાને આધારે અલગ અલગ અંતિમ ખંડની ફાળવણી કરવામાં આવી હતી તેમજ હાલમાં નગર રચના યોજના ૧૪ રાજકોટમાં પણ સોગંદનામાને આધારે અલગ અલગ અંતિમ ખંડની ફાળવણી કરવામાં આવી છે ત્યારે ૩૧ નગર રચના યોજનામાં સ્વતંત્ર ખંડ ફાળવવામાં આવે તેવી માંગણી પણ ઉઠી છે.

બીજી મહત્વની વાત તો એ છે કે ટાઉન પ્લાનિંગ ૩૧ રાજકોટ સ્કીમ ૧૩ ઓગસ્ટ ૨૦૧૨માં સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલી છે. તે પછી ૧૪ વર્ષ જેટલો સમય વીતી ગયો દરમિયાન અલગ-અલગ ટાઉન પ્લાનિંગ અધિકારીઓ બદલતા રહ્યા છે. પરંતુ ખેડૂતોને ન્યાય આપવાની વાત આવે ત્યારે સરકાર શું કામ કોઈપણ ટીપી સ્કીમ જે સમય મર્યાદાની અંદર પૂર્ણ નથી થતી તેવી રાજકોટની અનેક ટીપી સ્કીમો જે સરકારના ચોપડે ૧૦ થી ૧૫ વર્ષ સુધી ટીપીઓની યોગ્ય કામગીરી તથા સરકારના સંકલન ન હોવાના કારણે ખેડૂતોને યોગ્ય ન્યાય મળતો નથી. ખેડૂત ન્યાય સંઘર્ષ સમિતિએ એવી પણ માંગણી કરી છે કે ડ્રાફ્ટ સ્કીમ મુજબ કપાતની ટકાવારી યથાવત રાખી ટીપી સ્કીમ મંજૂર કરવામાં આવે કારણ કે અગાઉના ટીપીઓ દ્વારા ટીપી સ્કીમ મંજૂર કરેલ હોય તેમાં કોઈપણ કપાત કરવામાં આવ્યું નથી તો હવે શું કામ ?

# સિવિલ હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડના AC વેન્ટીલેટર પર

## ઈમરજન્સી વોર્ડમાં ૭ AC, જેમાંથી બે રિપેરમાં અને બાકી પાંચમાં નથી આવતું કુલિંગ : બે ટાવર કુલર માંથી એક બંધ



રાજકોટ, તા. ૧૩

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સૌરાષ્ટ્ર કચ્છના દર્દીઓ સારવાર માટે આવતા હોય છે ત્યારે આ વખતે ગરમીનો પ્રકોપ જે રીતે વરસ્યો છે તેનાથી સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ચૂક્યું છે અને સાથોસાથ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓની હાલત પણ કફોડી બની ગઈ છે. ગત વર્ષે સિવિલ હોસ્પિટલમાં એર કુલર મૂકવામાં આવ્યા હતા આ વખતે એર કુલર તો આવ્યા નહીં પરંતુ ઘણા ખરા વોર્ડમાં પંખા પણ નથી તેને લઈને દર્દીઓ અને તેમના સગાઓ ગુંગળામણમાં જીવી રહ્યા છે. તમામ સ્થિતિ થી તંત્ર વાકેફ છે છતાં પણ જે પગલાં લેવામાં આવવા જોઈએ તે લેવાયા નથી અને દર્દીઓએ હાલાકી ભોગવી પડે છે.

સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં અગાઉ જે એસી મૂકવામાં આવ્યા હતા તે પણ માંદલા છે. મળતી માહિતી મુજબ ઈમર્જન્સીમાં સાત એસી મુકવામાં આવ્યા જેમાંથી બે રિપેરમાં છે જ્યારે પાંચ એસી એવા છે કે જેમાં હવા આવતી જ નથી એટલે કહી શકાય કે તમામ સાત એર કુલર ઈમરજન્સી હાલતમાં છે. બીજી તરફ એ આજ વોર્ડમાં બે ટાવર કુલર ઉભા કરવામાં આવ્યા છે જેમાંથી એક બંધ હાલતમાં છે. ત્યારે એ વાત સ્પષ્ટ છે કે તંત્ર માત્ર મોટી મોટી વાતોના બણગા ફૂંકી રહી છે પરંતુ સામે જે સેવા આપવામાં આવી જોઈએ તે અપાતી નથી અને માળખાગત સુવિધાના નામે લોકો હેરાન થઈ રહ્યા છે. પંખા ન હોવાના પગલે લોકોએ ઘરેથી તેમની વ્યવસ્થા કરવી પડે છે. ઈમરજન્સી બોર્ડમાં એસી બંધ હોવાથી દર્દીઓના સગાઓ તેઓને હવા નાખતા નજરે પડે છે ત્યારે આ નિંભર પ્રશાસન ક્યારે ગંભીરતાપૂર્વક આ બાબતે વિચારશે તે હવે જોવાનું રહ્યું.

હાલ અત્યારે પણ સિવિલ હોસ્પિટલના વિવિધ બોર્ડમાં એસી ની સાથોસાથ એર કુલર મૂકવામાં આવ્યા નથી એટલું જ નહીં પંખા મૂકવામાં પણ જાણે તંત્રને આળસ આવતી હોય તેવું ચિત્ર ઊભું થઈ રહ્યું છે. હાલ પ્રશ્ન એ જ છે કે અહીં જે સારવાર અર્થે આવતા દર્દીઓની વાહરે તેમના સગા વાલાઓ સિવાય સિવિલ તંત્ર છે કે કેમ ? આ કરુણ દ્રશ્યો કેમ સિવિલ પ્રશાસનના આંખે નથી દેખાતા અને જો દેખાતા હોય તો કેમ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે તે અંગે સો મણનો સવાલ ઉઠ્યો છે.



# હીરાસર એરપોર્ટ ખાતે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવનું આગમન

## ‘ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ’ (IBCA) સમિટ-૨૦૨૬ના પ્રિ-ઈવેન્ટમાં રહેશે ઉપસ્થિત

રાજકોટ, તા. ૧૩

સાસણ-ગીરના આંગણે આયોજિત ‘ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ’ (IBCA) સમિટ-૨૦૨૬ના પ્રિ-ઈવેન્ટમાં સહભાગી થવા માટે ભારત સરકારના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્રભાઈ યાદવનું રાજકોટના હીરાસર એરપોર્ટ ખાતે આગમન થયું હતું.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ અને વાહન વ્યવહાર રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળી દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અવસરે બી.પી. પતી, PCCF (વિકાસ અને વ્યવસ્થા), રાજકોટ વન સંરક્ષક આર. સેન્થિલકુમારન સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૬ સસ્તા અનાજદારની ગેરરીતી બદલ ૧.૭૨ લાખનો દંડ

રાજકોટ, તા. ૧૩

એક તરફ લાભાર્થીઓને સરકાર દ્વારા આપવામાં આવતું સસ્તુ અનાજ મળતું ન હોય તેવી એક નહીં અનેકવિધ ફરિયાદો ઉઠવા પાણી છે ત્યારે રાજકોટ જિલ્લામાં સસ્તા અનાજના દુકાનદારો દ્વારા ગેરરીતિ અપનાવવામાં આવતી હોય તેવું સ્પષ્ટ માનવામાં આવી રહ્યું છે. હાલ જે વિગતો મળી રહી છે તેના અનુસંધાને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા અનેકવિધ દુકાનોમાં ગંભીર ક્ષતિઓ હોવાનું માલુમ પડ્યું હતું અને અનાજ પુરવઠામાં ઘટ હોવાનો ખુલતા છ જેટલા પૌવાને દારોને ૧.૭૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. રાજકોટ તાલુકાના ભુપગઢ ગામમાં રેશનીંગની દુકાનના પરવાનેદાર સેવા સહકારી મંડળીને ૧૩,૦૦૦ થી વધુ નો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું હાલ જાણવા મળ્યું છે.

અગાઉ પણ રેશનીંગ દુકાનદારોમાં જે ગેરરીતિઓ થઈ રહી છે તેના પરિપક્ષમાં કલેકટર સહિત પુરવઠા વિભાગને પણ રજૂઆત કરવામાં આવી હતી પરંતુ કોઈ યોગ્ય નિર્ણય લેવામાં આવી શક્યો નથી. જ્યારે આટકોટની રેશનીંગ દુકાનના પરવાનેદાર વિનુભાઈ દેવજીભાઈ યાદવને ૮૬૮૧ લોધીકાના કાંગસીયાળીની રેશનીંગની દુકાનના દુકાનદાર સોલંકી નંદરાજસિંહ ચિનુભાને ૬૭૦૮૦ કોટડા સાંગાણીના મોટા માંડવાની રેશનીંગની દુકાનના પરવાનેદાર ધનજીભાઈ કરશનભાઈ પારખીયાને ૧૯૭૨૨ તેમજ ખડવાવડીની રેશનીંગની દુકાનના વેપારી જયંતિભાઈ મકવાણાને ૬૪૨૬૫ અને દેવગામના રેશનીંગની દુકાનના પરવાનેદાર બગથરીયા જાગૃતિબેન રમેશભાઈને ૧૭૬૩૨નો દંડ ફટકારવામાં આવેલ છે. આમ કુલ જિલ્લાના છ દુકાનદારોને આ ૧,૭૨,૯૫૪નો દંડ ફટકારવામાં આવેલ છે.

જિલ્લા પુરવઠા અધિકારી આશિષ ઝાપડાના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં જિલ્લાની રેશનીંગની દુકાનોમાં ગેરરીતિ ડામવા માટે પુરવઠા ઈન્સ્પેક્ટરો દ્વારા તપાસણી કરવામાં આવી હતી જેમાં ગંભીર ક્ષતિઓ ખુલ્લી પડી હતી. આ ઉપરાંત દુકાનોના સ્ટોક રજિસ્ટર અને પ્રત્યક્ષ જથ્થામાં તફાવત અને વિતરણ વ્યવસ્થામાં પણ અનિયતતા ખુલ્લી પડી હતી જેના પગલે આ છ દુકાનોના પરવાનેદારોની આ મામલે સુનાવણ કરી આ દંડાત્મક કાર્યવાહી પુરવઠા અધિકારી ઝાંપડા દ્વારા કરવામાં આવી છે.



રાજકોટના ભૂપગઢ તેમજ આટકોટ, કાંગશીયાળી, મોટા માંડવા, ખડવાવડી અને દેવગામની દુકાનોની તપાસ

# NTAના વિરોધમાં NSUIના ધારણા

## વિરોધના વંટોળ વચ્ચે એનટીએની નીકળી નનામી : ઉગ્ર આંદોલનની ચીમકી



રાજકોટ, તા. ૧૩

હાલ સમગ્ર દેશભરમાં નીટની પરીક્ષા ને લઈને જે ઉહાપો મચ્યો છે તેની સામે ઘણા ખરા પ્રશ્નો પણ ઊભા થયા છે અને નેશનલ ટેસ્ટિંગ એજન્સી ની કામગીરી અંગે પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા ત્યારે દેશભરમાં હાલ વિવિધ સંગઠનો દ્વારા વિરોધ થઈ રહ્યો છે. મધ્યપ્રદેશ અને શિમલામાં હાલ નેશનલ ટેસ્ટિંગ એજન્સી નો વિરોધ કરવામાં આવ્યો તો રાજકોટ ખાતે NSUI દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

મેડીકલના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવાયેલ નીટની પરીક્ષામાં ભ્રષ્ટાચાર અને પેપર લીકના મામલે એનએસયુઆઈ દ્વારા કિસાનપરા ચોકમાં નેશનલ ટેસ્ટીંગ એજન્સીની નનામી કાઢી સુત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવેલ હતું. એનએસયુઆઈના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીની આગેવાની હેઠળ યોજાયેલા આ આંદોલનાત્મક કાર્યક્રમમાં નીટના આ પેપર લીક કૌભાંડમાં તમામ દોષીતો સામે કડક કાર્યવાહી કરવા, ભ્રષ્ટ નીતિઓ બદલ નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એનટીએ) પર તત્કાલ પ્રતિબંધ મૂકવા અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગણી ઉઠાવવામાં આવી હતી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે આવી ચડી એનએસયુઆઈના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી સહિતના ૨૦થી વધુ કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. આ આંદોલન દરમિયાન કિશાનપરા ચોકમાં રસ્તો બ્લોક થતા વાહનોના થપ્પા લાગી જવા પામેલ હતા. આ અંગે એનએસયુઆઈના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવેલ હતું કે વર્તમાન કેન્દ્ર અને રાજય સરકારના શાસનમાં દેશની પરીક્ષા પ્રણાલી સંપૂર્ણપણે ભાંગી પડી છે. અને તે હવે અનિશ્ચિતતા તેમજ અરાજકતાનો પર્યાય બની ગઈ છે. નીટ જેવી અત્યંત મહત્વની મેડીકલ પ્રવેશ પરીક્ષામાં વારંવાર થતા પેપર લીક ૨૦૧૬, ૨૦૨૧, ૨૦૨૪ અને હવે ૨૦૨૬માં થયા છે. કેન્દ્ર સરકાર કરોડો યુવાઓના ભવિષ્ય સાથે ગંભીર ચેડા કરી રહી છે. વર્તમાન કેન્દ્ર સરકાર પારદર્શી રીતે પરીક્ષા લેવા માટે તદન અસક્ષમ સાબીત થઈ છે. ભ્રષ્ટાચારના અડ્ડા સમાન બની ગયેલી નેશનલ ટેસ્ટીંગ એજન્સી જેવી સંસ્થાઓને તાત્કાલિક અસરથી બેન કરવામાં આવે અને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમનાર નૈતિક જવાબદારી સ્વીકારી શિક્ષણ મંત્રી તાત્કાલિક રાજીનામુ આપે તેવી એનએસયુઆઈની માંગણી છે.

તાજેતરમાં રાજસ્થાનના સીકરમાં સામે આવેલા પુરાવાઓ અત્યંત આઘાતજનક છે. પરીક્ષા પૂર્વે જ ‘ગેસ પેપર’ના નામે ૧૫૦ પાનાનો એક દસ્તાવેજ વિદ્યાર્થીઓ વચ્ચે સર્ક્યુલેટ કરવામાં આવ્યો હતો, જેમાં કુલ ૪૧૦ પ્રશ્નો હતા. તપાસમાં સામે આવ્યું છે કે આ દસ્તાવેજમાંથી ૧૩૫ જેટલા પ્રશ્નો નીટના અસલી પ્રશ્નપત્ર સાથે હુબહુ મેચ થાય છે. આશ્ચર્યની વાત એ છે કે માત્ર પ્રશ્નો જ નહીં, પરંતુ પ્રશ્નોની ભાષા, વિકલ્પોનો ક્રમ અને કોમા-ફુલસ્ટોપ સુધ્ધા અસલી પેપર જેવા જ જોવા મળ્યા છે.

જીવવિજ્ઞાનમાં ૯૦માંથી ૯૦ અને રસાયણ વિજ્ઞાનમાં ૪૫માંથી ૪૫ પ્રશ્નોઆ કથીત ગેસ પેપરમાંથી બેઠા પૂછાયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આટલી મોટી ગેરરીતિ છતા હજુ સુધી એફઆઈઆર નોંધવામાં કેમ વિલંબ થઈ રહ્યો છે. તે સરકારની દાનત પર સવાલ ઉભા કરે છે. આ કૌભાંડમાં આર્થિક વ્યવહારોની વિગતો પણ અત્યંત ગંભીર છે તેઓએ આક્ષેપ કરતા જણાવ્યું છે કે કાઉન્સિલરો દ્વારા આ પેપરની કિંમત શરૂઆતમાં ૫ લાખ રૂપિયા રાખવામાં આવી હતી અને પરીક્ષા નજીક આવતા તે ૨૫થી ૩૦ હજાર રૂપિયામાં વેચવામાં આવ્યું હતું. વધુમાં આ પ્રશ્નો હાથથી લખીને ટેલીગ્રામ મારફતે કેરળ સુધી મોકલવામાં આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે.

આ મામલે તટસ્થ તપાસ, દોષિતો સામે કડક કાર્યવાહી અને પીડિત વિદ્યાર્થીઓને ન્યાય મળે તેવી માંગણી તેઓએ કરી જણાવ્યું છે કે આ પ્રકરણમાં વિદ્યાર્થીઓના હિતમાં ત્વરિત નિર્ણયો લેવામાં નહીં આવે તો એનએસયુઆઈ સમગ્ર રાજયમાં ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# મૌન રહો, પતી જાવ

## નશાખોરી અને નબીરા કલ્ચરમાં રંગીલું રાજકોટ શહેર સ્વાહા



રાજકોટ ક્યારેક તેની રંગીલા મિજાજ અને શાંતિ માટે જાણીતું હતું. આજે આ શહેર નબીરાઓના નશા અને બેફામ ગતિનું કેન્દ્ર બની ગયું છે. વધુ એક નબીરાએ નશાની હાલતમાં મોંઘીદાટ કાર દોડાવી રસ્તા પર તાંડવ મચાવ્યું. નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાયા છે. આ કોઈ પહેલી ઘટના નથી, પણ કમનસીબી એ છે કે આ સિલસિલો અટકવાનું નામ લેતો નથી.

રાજકોટમાં નબીરા કલ્ચર હવે અતિરેકની સીમા વટાવી ગયું છે. રસ્તા પર સામાન્ય-નિર્દોષ માણસો સુરક્ષિત નથી. શેરીથી માંડીને હાઈવે સુધી દારૂડિયાઓ બેફામ બન્યા છે. નશામાં ચૂર આ નબીરાઓ માટે કાયદો જાણે રમકડું છે. જ્યારે કોઈ મોટી દુર્ઘટના બને છે, ત્યારે થોડો સમય હોબાળો થાય છે. પછી બધું જ શાંત પડી જાય છે. રાજકોટવાસીઓ જાણે કમોતે મરવા માટે જ જન્મ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

સૌથી મોટું આશ્ચર્ય એ છે કે આટલા અસંખ્ય મોત છતાં શહેર ચૂપ છે. મરનારાના પરિવારનો આક્રોશ દબાઈ જાય છે. સમાજ, મીડિયા, નેતાઓ અને અધિકારીઓ - બધા જ મૌન સેવી રહ્યા છે. જ્યારે કોઈ નબીરો પકડાય છે, ત્યારે તેને બચાવવા માટે વગદાર લોકોની લાઈનો લાગે છે. સત્તા અને સંપત્તિના જોરે ગુનાખોરી પર પડદો પાડવામાં આવે છે. પણ જે પરિવારનો સભ્ય નંદવાઈ ગયો, તેનું શું? તેના આંસુની કિંમત કોણ ચૂકવશે?

રાજકોટની શાંતી અને સંસ્કાર હવે સ્વાહા થઈ રહ્યા છે. હપ્તાખોરી અને નશાખોરીનું ગઠબંધન શહેરને પતન તરફ ધકેલી રહ્યું છે. પોલીસ અને તંત્રની નિષ્ક્રિયતા આ ગુનેગારોને પ્રોત્સાહન આપે છે. જો સમયસર કડક પગલાં લેવામાં નહીં આવે, તો રાજકોટની ઓળખ કાયમ માટે બદલાઈ જશે. નબીરાઓની આ ઘેલછા અને નશાની બદીએ શહેરને બાનમાં લીધું છે.

આ સંજોગોમાં રાજકોટવાસીઓએ જાગવાની જરૂર છે. ચૂપ રહેવાથી અન્યાય વધે છે. જો આપણે આજે નહીં બોલીએ, તો કાલે વારો આપણો પણ હોઈ શકે છે. નબીરા કલ્ચરને નાથવા માટે કાયદાનો કડક અમલ અને સામાજિક બહિષ્કાર અનિવાર્ય છે. રાજકોટને પતનમાંથી ઉગારવું એ દરેક નાગરિકની ફરજ છે.

# હિન્દુત્વ એક જીવનશૈલી, શ્રદ્ધા સાબિત કરવા માટે મંદિર જવું જરૂરી નથીઃ સુપ્રીમ

## સુપ્રીમ કોર્ટે હિન્દુ ધર્મ પર એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી અને કહ્યું કે તે ફક્ત પૂજા કરવાની પદ્ધતિ નથી પરંતુ જીવનશૈલી છે

નવીદિલ્હી, તા. ૧૩

બુધવારે (૧૩ મે) ધાર્મિક સ્વતંત્રતા અને ધાર્મિક સ્થળોએ મહિલાઓના પ્રવેશ સંબંધિત કેસોની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે હિન્દુ ધર્મ અંગે એક મહત્વપૂર્ણ અવલોકન કર્યું. કોર્ટે કહ્યું કે હિન્દુ રહેવા માટે મંદિરની મુલાકાત લેવી કે કોઈ ચોક્કસ ધાર્મિક વિધિઓ કરવી જરૂરી નથી. કોર્ટે એમ પણ કહ્યું કે ઘરમાં દીવો પ્રગટાવવો એ વ્યક્તિની શ્રદ્ધા સાબિત કરવા માટે પૂરતું છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે હિન્દુ ધર્મ ફક્ત ધાર્મિક વિધિઓ સુધી મર્યાદિત નથી, પરંતુ જીવનશૈલી છે. તેણે સ્પષ્ટ કર્યું કે હિન્દુ રહેવા માટે મંદિરની મુલાકાત લેવી કે ધાર્મિક વિધિઓ કરવી ફરજિયાત નથી.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતામાં નવ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ દ્વારા આ અવલોકન કરવામાં આવ્યું હતું. આ બેન્ચ સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ, ધાર્મિક સ્વતંત્રતા અને વિવિધ ધર્મોમાં પ્રચલિત પરંપરાઓ સંબંધિત કેસોની સુનાવણી કરી રહી છે. બેન્ચમાં જસ્ટિસ બી.વી. નાગરત્ના, એમ.એમ. સુંદરેશ, અહસાનુદ્દીન અમાનુલ્લાહ, અરવિંદ કુમાર, ઓગસ્ટિન જ્યોર્જ મસીહ, પ્રસન્ના બી. વરાલે, આર. મહાદેવન અને જોયમલ્યા બાગચીનો પણ સમાવેશ થાય છે. સુનાવણી દરમિયાન, મધ્યસ્થી પક્ષનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ ડો. જી. મોહન ગોપાલે જણાવ્યું હતું કે ધાર્મિક સમુદાયોમાં સામાજિક ન્યાયની માંગ વધી રહી છે. ૧૯૬૬ના પહેલાના ચુકાદાને ટાંકીને, તેમણે કહ્યું કે કોર્ટે હિન્દુને એવી વ્યક્તિ તરીકે વ્યાખ્યાયિત કર્યો હતો જે ધર્મ અને ફિલસૂફીના મામલામાં વેદોને સર્વોચ્ચ માને છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે શું આજે



જે કોઈને હિન્દુ માનવામાં આવે છે તે ખરેખર વેદોને સર્વોચ્ચ અધિકાર આપે છે. તેમણે દલીલ કરી હતી કે સમાજની વાસ્તવિકતા આનાથી ઘણી વ્યાપક અને અલગ છે.

વકીલની દલીલનો જવાબ આપતા, ન્યાયાધીશ બી.વી. નાગરત્ને કહ્યું, ''આ જ કારણ છે કે હિન્દુ ધર્મને જીવનશૈલી કહેવામાં આવે છે. હિન્દુ માટે મંદિરમાં જવું કે ધાર્મિક વિધિઓ કરવી ફરજિયાત નથી.'' તેમણે ઉમેર્યું હતું કે દરેક વ્યક્તિ પોતાની રીતે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી શકે છે, અને કોઈને પણ પોતાની શ્રદ્ધામાં દખલ કરવાનો અધિકાર નથી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે એમ પણ ટિપ્પણી કરી હતી કે તેમની ઝૂંપડીમાં દીવો પ્રગટાવવો પણ તેમની શ્રદ્ધા સાબિત કરવા માટે પૂરતો છે. સુપ્રીમ કોર્ટે અગાઉ ટિપ્પણી કરી હતી કે જો વ્યક્તિઓ બંધારણીય અદાલત સમક્ષ દરેક ધાર્મિક પ્રથા અથવા ધાર્મિક બાબત પર પ્રશ્ન ઉઠાવવાનું શરૂ કરશે, તો સેંકડો અરજીઓ દાખલ કરવામાં આવશે, જેનાથી દરેક ધર્મનું વિઘટન થશે.

સપ્ટેમ્બર ૨૦૧૮ માં, સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે ૪-૧ બહુમતીથી ઐતિહાસિક ચુકાદો આપ્યો, જેમાં સબરીમાલા અયપ્પા મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની વયની મહિલાઓના પ્રવેશ પરનો પ્રતિબંધ ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યો અને પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો. કોર્ટે ચુકાદો આપ્યો હતો કે સદીઓ જૂની હિન્દુ ધાર્મિક પ્રથા ગેરકાયદેસર અને ગેરબંધારણીય હતી. હવે, નવ ન્યાયાધીશોની મોટી બેન્ચ ધાર્મિક સ્વતંત્રતા અને સમાનતા સંબંધિત વ્યાપક મુદ્દાઓ સાથે આ નિર્ણયની સુનાવણી કરી રહી છે.

# હિમંત મુખ્યમંત્રીના શપથ લેતા જ, પવન ખેરા સામે કાર્યવાહી શરૂ

## ગુવાહાટીમાં ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ થયા હાજર : રિંકી ભૂયાન શર્માની વિવિધ દેશોમાં રહેલી મિલકતો અંગે પોતાનું નિવેદન નોંધાવ્યું



રાજકોટ, તા. ૧૩

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ કોંગ્રેસ નેતા પવન ખેરા સામે કાર્યવાહી શરૂ કરી છે. ગઈકાલે, તેમણે સતત બીજા કાર્યકાળ માટે આસામના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, અને, બુધવારે, તેમણે ખેરા સામે કાર્યવાહી શરૂ કરી હતી. ખેરા બુધવારે આસામ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થયા હતા અને મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાની પત્ની રિંકી ભૂયાન સરમા દ્વારા દાખલ કરાયેલા કેસોના સંદર્ભમાં પૂછપરછ કરવામાં આવી હતી. ખેરાએ આરોપ લગાવ્યો હતો કે રિંકી ભૂયાન સરમા પાસે વિદેશમાં બહુવિધ પાસપોર્ટ અને અઘોષિત સંપત્તિ છે, જેના કારણે આ કાનૂની કાર્યવાહી થઈ છે. ક્રાઈમ બ્રાન્ચ ઓફિસમાં પ્રવેશતા પહેલા મીડિયા સાથે વાત કરતા, ખેરાએ કહ્યું, ''તપાસ આગળ વધવા દો. હું વાત કરવા માટે અંદર જઈ રહ્યો છું. મને બોલાવવામાં આવ્યો છે, તેથી હું કાયદાનું પાલન કરવા આવ્યો છું. અમને ન્યાયતંત્ર અને કાયદા પ્રત્યે ખૂબ માન છે.''

કોંગ્રેસ નેતા પવન ખેરા અંગે, વકીલ રીતમ સિંહે કહ્યું કે સુપ્રીમ કોર્ટે ખેરાને આગોતરા જામીન આપ્યા છે. તેમના પર એક શરત લાદવામાં આવી હતી કે તેમણે આસામ પોલીસ સમક્ષ હાજર થવું પડશે અને તપાસમાં સહયોગ કરવો પડશે., પવન ખેરા ગુવાહાટી પહોંચ્યા અને કથિત પ્રેસ કોન્ફરન્સ અને રિંકી ભૂયાન શર્માની વિવિધ દેશોમાં રહેલી મિલકતો અંગે પોતાનું નિવેદન નોંધાવ્યું. તેઓ પોતાની સાથે એવા પુરાવા પણ લાવ્યા જેના આધારે તેમણે તે નિવેદનો આપ્યા હતા. આ તપાસ લાંબી થવાની શક્યતા છે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કોંગ્રેસ નેતા પવન ખેરા સામે કાર્યવાહી શરૂ કરી છે. પવન ખેરા બુધવારે આસામ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થયા હતા અને રિંકી ભૂયાન શર્મા દ્વારા દાખલ કરાયેલા કેસોના સંદર્ભમાં તેમની પૂછપરછ કરવામાં આવી હતી.


સિંહે કહ્યું, ''સુપ્રીમ કોર્ટે પવન ખેરાને આગોતરા જામીન આપ્યા છે. તેમના પર લાદવામાં આવેલી એક શરત એ હતી કે તેમણે આસામ પોલીસ સમક્ષ હાજર થવું પડશે અને તપાસમાં સહયોગ કરવો પડશે.'' વકીલના જણાવ્યા મુજબ, ખેરા સવારે ૧૦:૩૦ વાગ્યે ગુવાહાટીમાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ક્રાઈમ બ્રાન્ચ) ની ઓફિસમાં તપાસકર્તાઓ સમક્ષ પોતાનું નિવેદન નોંધાવવા પહોંચ્યા હતા. આ કેસ એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કરવામાં આવેલા આરોપો અને નિવેદનો સાથે સંબંધિત છે જેમાં ખેરાએ કથિત રીતે વિવિધ દેશોમાં રિંકી ભૂયાન શર્માની મિલકતો અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ ટિપ્પણીઓએ રાજકીય વિવાદ ઉભો કર્યો અને બાદમાં કાનૂની કાર્યવાહી થઈ.

# કડક દેખરેખ, ત્રણ સ્તરીય સુરક્ષા, છતાં પેપર લીક

## સુરક્ષા અંગે ઉઠ્યા અનેક સવાલો : ૨૦૨૪ અને ૨૦૨૬ ની પરીક્ષાની અનિયમિતતાઓ વચ્ચે ઘણી સમાનતાઓ

નવીદિલ્હી, તા. ૧૩

NEET-UG 2026 મેડિકલ પ્રવેશ પરીક્ષાના પેપર લીક કેસમાં સતત ખુલાસાઓ થઈ રહ્યા છે. લીકની તપાસ CBIને સોંપવામાં આવી છે, ત્યારે નવા ખુલાસાઓ પણ સામે આવી રહ્યા છે. સૂત્રો કહે છે કે લીક ગેંગ પાસેથી અનુમાન પેપર મેળવ્યા બાદ, તેમણે NEET UG 2026 પરીક્ષા માટે મહત્વપૂર્ણ હોવાનો દાવો કરીને YouTube પર ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને ઓનલાઈન વર્ગોમાં તે શીખવ્યું હતું. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ ૩ મેના રોજ ત્રણ-સ્તરીય સુરક્ષા કવચ હેઠળ NEET UG 2026 પરીક્ષાનું આયોજન કર્યું હતું, જેમાં ૨.૨૮ મિલિયન ઉમેદવારોએ ભાગ લીધો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રાલય, રાજ્યો અને જિલ્લા મેજિસ્ટ્રેટ્સના સહયોગથી, ૨ મેના રોજ તમામ ૫,૪૩૨ કેન્દ્રો પર મોક ડ્રીલ દ્વારા તૈયારીઓનું પ્રથમ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, પરીક્ષા કેન્દ્રો જિલ્લા મેજિસ્ટ્રેટ્સને સોંપવામાં આવ્યા હતા. મોક ડ્રીલમાં ડમી વિદ્યાર્થીઓનું પરીક્ષણ, મોબાઇલ ફોનની કાર્યક્ષમતા, સિગ્નલ જામર, બાયોમેટ્રિક પ્રમાણીકરણ, શોધ માટે પૂરતા સુરક્ષા કર્મચારીઓ અને પરીક્ષા કેન્દ્રો પર




પ્રશ્નપત્રો પહોંચાડવાનો સમાવેશ થતો હતો.

કેન્દ્ર અને રાજસ્થાનમાં ડબલ એન્જિન ભાજપ સરકાર શાસન કરે છે. NEET UG 2026 પરીક્ષા પહેલા, ગઝઅ, કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારો વચ્ચે અનેક રાઉન્ડની બેઠકો યોજાઈ હતી, જેમાં રાજસ્થાન સચિવ પણ ભાગ લઈ રહ્યા હતા. ૩ મેના રોજ NEET ઞ્રજ્ઞ પરીક્ષા બાદ, સમાચાર આવ્યા કે સીકરમાં પ્રશ્નપત્ર અને નમૂના પેપર સમાન હતા. સીકર પોલીસને અનુસરીને, રાજસ્થાન પોલીસ ક્રાઈમ બ્રાન્ચે પણ આ મામલે તપાસ શરૂ કરી. રાજસ્થાન પોલીસ નિયમિતપણે પેપર લીક અંગે પ્રેસ કોન્ફરન્સ કરે છે. જો કે, ૩ મે થી ૭ મે દરમિયાન આ બાબતે કોઈ રિપોર્ટ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) કે ગૃહ મંત્રાલયને મોકલવામાં આવ્યો ન હતો. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કોઈ સંકલન નહોતું.

આ મામલો પ્રકાશમાં આવ્યા પછી, ઉમેદવારો અને નિષ્ણાતોએ સરકાર પાસે NEET UG 2026 પ્રશ્નપત્રનો બીજો સેટ જાહેર કરવાની માંગ કરી હતી. ઘણા ઉમેદવારોએ સોશિયલ મીડિયા પર લખ્યું, ''જો NTA હજુ પણ પેપર લીક થવાનો ઇનકાર કરે છે, તો તેણે પ્રશ્નપત્રના બીજા સેટને જાહેર કરીને ચિત્ર સ્પષ્ટ કરવું જોઈએ. તે નમૂના પેપરમાં કુલ ૩૦૦ પ્રશ્નો હતા, જેમાંથી ૧૫૦ સમાન હતા. ૯૦ બાયોલોજીના હતા, જ્યારે બાકીના ભૌતિકશાસ્ત્રના હતા. જો પ્રશ્નોનો બીજો સેટ નમૂના પેપરમાં બાકીના ૧૫૦ પ્રશ્નો સાથે મેળ ખાતો નથી, તો આપણે માનીશું કે તે એક સંયોગ હતો.'' ૨૦૨૪ અને ૨૦૨૬ ની પરીક્ષાની અનિયમિતતાઓ વચ્ચે ઘણી સમાનતાઓ છે. ૨૦૨૪ ની પરીક્ષામાં વપરાયેલ સેટ બાહ્ય હતો, પરંતુ ૨૦૨૬ માં, ૩૦૦ પ્રશ્નોમાંથી ૧૫૦ પ્રશ્નો પરીક્ષામાં દેખાયા. હવે, એવી શંકા છે કે બાકીના ૧૫૦ પ્રશ્નો બીજા સેટના છે. જો કે, પરીક્ષા શરૂ થાય ત્યાં સુધી પ્રશ્નપત્રો ખૂબ જ નજીકથી દેખરેખ હેઠળ રાખવામાં આવે છે. આવી સ્થિતિમાં, બંને સેટ કેવી રીતે બહાર આવ્યા? તેથી, હવે બીજા સેટને જાહેર કરવાની માંગ કરવામાં આવી રહી છે. બે સેટમાંથી કયો પરીક્ષા આપશે તે અંગેનો નિર્ણય NTAના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા થોડા સમય પહેલા લેવામાં આવે છે, અને પાસવર્ડ પણ અલગ અલગ વ્યક્તિઓ પાસે હોય છે, અને જ્યારે મેચ થાય છે, ત્યારે જ પાસવર્ડ પૂર્ણ થાય છે.

૨૦૨૪ માં, સીકરમાં પણ એક પેટર્ન જોવા મળી હતી. ૨૭,૨૧૬,૦૦૦ ઉમેદવારોમાંથી, ૧૪૯ એ ૭૦૦ થી વધુ, ૨,૦૩૭ એ ૬૫૦ થી વધુ અને ૪,૨૯૭ એ ૬૦૦ થી વધુ ગુણ મેળવ્યા હતા. સીકર હવે કોટા પછી બીજા ક્રમનું સૌથી મોટું કોચિંગ હબ તરીકે ઉભરી રહ્યું છે. આ આંકડાઓને ખૂબ જ આંકડાકીય રીતે શંકાસ્પદ માનવામાં આવ્યા હતા, છતાં કોર્ટની તપાસ આંકડાકીય પેટર્નને બદલે નક્કર અને તથ્યપૂર્ણ પુરાવા પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ધ્યાન ધર ધ્યાન ધર નેત્રમાં નાથ છે! આ રચનામાં નરસિંહ ભક્તિની પરાકાષ્ઠાએ શું અનુભવે છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ધ્યાનને ભારતીય અધ્યાત્મનું ઉત્તમ અંગ માનવામાં આવ્યું છે. કલાકો નાં કલાકો એ ધ્યાનમાં બેઠાં છે! એવું સાંભળવા મળે, એટલે આપણી નજર આગળ એક સંન્યાસીની છબી અંકિત થઈ જાય, કે જે બ્રહ્મ મુહૂર્તમાં, ભગવા વસ્ત્ર ધારણ કરી, માથે ચંદનનું તિલક કરી, ગળામાં મોટાં મોટાં રુદ્રાક્ષનાં પારાની માળા પહેરીને, આસાન પાથરી, પદ્માસનમાં બેસીને, સગુણ કે નિર્ગુણ સ્વરૂપનું ધ્યાન ધરે છે! પરંતુ આપણે રહ્યાં સંસારી અને કલાકો સુધી ધ્યાન ધરવું એ આપણી હેસિયત બહાર છે! અને આમપણ ધ્યાન ધરવું જેટલું મહત્વનું છે, એટલું જ મહત્વ ધ્યાન રાખવાનું છે. કારણકે મૂળ વાત મનની શુદ્ધિની છે, એ હોય તો જ ધ્યાન ધરીએ ત્યારે ઈશ્વર અનુસંધાન શક્ય બને! મનની શુદ્ધિ તો ક્ષણેક્ષણ જાગૃત રહીને મનમાં કોઈ મલિનતા પ્રવેશી જાય નહીં, એનું ધ્યાન રાખીએ તો જ શક્ય બને, સંસારી સાધક માટે પહેલાં ઈશ્વર અંદર જ છે, એ પ્રતિતિ કરવી જરૂરી છે. નરસિંહ પણ પોતાની રચનાઓમાં ઈશ્વર આપણી અંદર જ છે, અને એને શોધવાં કોઈ સિદ્ધિની નહીં પણ મનની મલિનતા દૂર કરી શુદ્ધ થવાની અને સતત જાગૃતિ પૂર્વક ધ્યાન રાખવાની જરુર છે, એવી વાતની પુષ્ટિ કરે છે.

**** નરસિંહ મહેતા****

**૧)ધ્યાન ધર, ધ્યાન ધર, નેત્રમાં નાથ છે,**
**અંતર ભાળની એક સુરતિ;**
**દેહીમાં દરસશે, પ્રેમથી પરસશે,**
**અજબ અનુપમ અધર મૂરતિ ... ધ્યાન ધર.**

નરસિંહ અહીં શરીર અને આત્મા માટે દેહ અને દેહી એ શબ્દ પ્રયોગ કરીને આત્મ ખોજ માટે કહે છે. જીવ સગુણ પરમાત્માની પ્રતિતિ કરવાં માટે જેમ તું ધ્યાન કરે છે, એ જ પરમતત્વ તારી અંદર પડ્યું છે, અને એને તું શોધી લઈશ, ત્યારે તું એની સાથે નિત્ય સાતત્ય કેળવી શકીશ, અને તારા ઈષ્ટનાં દર્શન તને તારી અંદર ઝાંકવાથી જ થશે! પ્રેમ, પ્રસન્નતા,અને હોઠો પર સ્મિત સજાવેલી અજબ, અનુપમ મૂર્તિ જોવાં તને બહાર જવાની જરૂર નથી, એ તારી અંદર જ છે, તારાં નેત્રમાં એ રુપની છબી અંકિત થઈ ગઈ છે.

**૨)મન પરસન થશે, કર્યાં કર્મ નાસશે,**
**ભાસશે ભૂમિ વ્રજ વન વેલી;**
**કુંજ લલિત માંહે કૃષ્ણ ક્રીડા કરે,**
**નીરખતી નૌતમ સંગ સહેલી ... ધ્યાન ધર.**

આગળ નરસિંહ કહે છે, ભક્તિની અંતર ભાળની એક સ્મૃતિ નેત્રમાં એટલે કે આંખની દ્રષ્ટિમાં કાજળ જેમ કૃષ્ણ અંજાઈ ગઈ છે, અને એટલે જ્યાં નજર પડે, ત્યાં વૃંદાવનનાં વન વગડા અને વ્રજની ભૂમિ દેખાય! કુંજ ગલીઓમાં કૃષ્ણને રાધા કે ગોપીઓ સંગે ક્રીડા કરતો જોઇ મન અદ્વિતીય સૌંદર્ય અથવા તો નિત નૂતન રૂપ જોઈ પ્રસન્ન થાય, અને ભીતર સકામ, નિષ્કામનો ભેદ ઓગળી જતાં સારાં નરસા બધાં કર્મ ભાગી ગયાં.

**૩)મોરલીનાં નાદમાં, શ્રવણના સાદમાં,**
**ઝાંઝરી ઝાલરી ઝમક વાજે;**
**તાલ મૃદંગ ને ચંગ ઉપમા ઘણી,**
**ભેરી શરણાઈમાં બ્રહ્મ ગાજે ... ધ્યાન ધર.**

નરસિંહમાં તો કૃષ્ણ ભક્તિની પરાકાષ્ઠા હતી, અને એટલે એને તો આંતર બાહ્ય પ્રકૃતિમાં બધે એ જ કૃષ્ણ કામણગારો દેખાય, અને એટલે જ એને મોરલી નાદ હોય, કે શ્રાવણનાં વરસાદ રુપે સાદ હોય, કે પછી મંદિરની આરતીમાં વપરાતાં ઝાલર ઝાંઝરી અને ચંગ જેવાં લોક વાદ્ય હોય, કે શરણાઈ એ બધામાં એને બ્રહ્મ નાદ સંભળાય છે.

**૪)સુરત સંગ્રામ વિશે નાથ બહુ વિલસે,**
**દરસશે દેહીથી ભજન કરતાં;**
**નરસૈંયાનો સ્વામી સર્વ સુખ આપશે,**
**કાપશે દુક્રિત ધ્યાન ધરતાં ... ધ્યાન ધર.**

અહીં નરસિંહ, બે પ્રેમીજન વચ્ચેનાં એકાંતમાં ઉદ્ભવતાં ભાવને એકદમ ઉત્કૃષ્ટ રીતે રજૂ કરે છે, પણ અહીં ભગવાન અને ભક્ત વચ્ચે ભાવનું યુદ્ધ છેડાય છે, અને બંને એકબીજા પર નજરનાં વાર કરે છે, અને પછી સ્વામી વિલાસ રસ તરફ આગળ વધી ભક્તનાં દેહમાં દેહી જેમ આત્મસાત થઈ, મિલનનું અપ્રિતમ સુખ પ્રદાન કરે છે, અને આમ નરસૈંયાના સ્વામી અંતરમાં રમમાણ થઈ અને બધા દુક્રિત એટલે કે પાપ કર્મનો નાશ કરે છે.

નરસિંહની રચનામાં શબ્દોની એવી રસાકસી હોય કે શ્રૃંગાર રસનાં પદમાં એ વેદાંતી વૈરાગ્યને કે ભક્તિની પરાકાષ્ઠાનાં ઉચ્ચ ભાવને સહજતાથી મૂકી દે! અને એ જ રીતે વૈરાગ્ય કે વિરતીનાં પદમાં શ્રૃંગારને વણી લેતાં શબ્દો મૂકી ભક્તિ ભાવમાં પ્રેમરસને પીરસી મન ભરી નચાવે. માનવીમાં આંખ દ્વારા જે જોયું હોય, એનું ચિત્રણ ચિત્ત પર બહુ લાંબો સમય સુધી રહે છે, અને એ રીતે મનમાં વિકાર પ્રવેશે, મન મલિન થાય છે. જેમ બહાર જોવું જરૂરી છે, એટલું જ પોતાની ભીતર જોવું પણ જરૂરી છે, અને ત્યાં એને પોતાનાં અવગુણ દેખાય! ગુણ અવગુણની સમીક્ષા કરતાં કરતાં અંતરને શુદ્ધ કરીએ એટલે આત્મ તત્વની પ્રતિતિ થાય! દિન પ્રતિદિન આ ભાવની પુષ્ટિથી ભીતર ઈષ્ટદેવનો અનુભવ થાય, અને પછી એનું મનોહર રુપ નેત્રમાં અંજાઈ જાય, બધે એનાં જ દર્શન કરે, એટલે ચિત્ત પર પણ આજ ચિત્રણ રહે, અને ધ્યાન ધરનાર જેવી જ ઈષ્ટની સ્મૃતિ સતત બની રહે. નરસિંહનાં ઈષ્ટ શ્રીકૃષ્ણ છે,એટલે ચિત્ત વૃંદાવન બન્યું, અને એની કુંજ ગલીઓમાં એને રાધા સાથે મનભાવન લીલા કરતાં શ્રીકૃષ્ણ દેખાયા, અને એનું મન પ્રસન્નતામાં પરોવાઈ જઈ, આ જ સર્વ શ્રેષ્ઠ છે, બીજું મેળવવાની ચંચળતા છોડી દે છે, અને એ રીતે કર્મ ભાવ છૂટે. નિષ્કામ કરતાં પણ વધુ અકામ એટલે કે અકર્તા ભાવ મહત્વનો છે. સાધકને આવું જાગરણ કરાવી નરસિંહ પોતાની પંક્તિમાં કુંડલિની જાગરણનાં ચક્રોને રમાડે છે, ભીતર નાદ પ્રગટ કરી દ્વૈતમાં અદ્વૈત, અને અદ્વૈતમાં દ્વૈત બની સાકાર અને નિરાકાર રૂપે પરમ તત્વની પુષ્ટિ કરે છે. મેઘ રુપે પ્રેમધારે વરસીને પ્રેમઘેલી ધરતીની મનોસ્થિતિ વર્ણવતાં કહે છે, વાદળોનાં આ ગડગડાટમાં, એટલે કે શ્રાવણનાં સાદમાં એને ઘડીક મોરલીનો નાદ સંભળાય, તો ઘડીકમાં ઝાલર ઝાંઝરી અને ચંગ જેવાં વિરક્ત કરનારાં વાદ્ય સંભાળાય! આ મેઘ તો હમણાં જતો રહેશે, અને ફરી તું વિરહી બનીશ! માટે આ ક્ષણને પકડી લે! અને એટલે જ છેલ્લી પંક્તિમાં નરસિંહ સુરત સંગ્રામ એટલે કે મેઘ તાંડવ રચી આકાશ અને ધરતીનું મિલન કરાવે છે. આકાશ વીજળી અને વાદળોનાં ગડગડાટથી, હું આવું છું! આવું છું! એમ પ્રેમ પોકાર કરે છે, અને ધરતી પોતાનું તપ્ત હૃદય ઠરશે, એમ ચાતક જેમ આકાશે દ્રષ્ટિ માંડી રાહ જુવે છે. અંતે બારે મેઘ ખાંગા થયા અને આ શીતયુદ્ધ સમાપ્ત થયું, સ્વામીએ મન ભરી પ્રેમ અમી વરસાવ્યાં અને એ વિલાસથી ધરતી લીલીછમ બની, પ્રેમનાં ધોધમાં પાપ બધાં ધોવાઈ ગયાં, અને હરિયાળી છવાઈ ગઈ. આપણે બહુ નસીબદાર છીએ કે શેઠ શામળીયો જેનો દાસ બની જીંદગીભર ચાકરી કરતો રહ્યો એ નરસિંહની રચનાઓનો રસાસ્વાદ નરસિંહ જ કરાવી રહ્યાં હોય, એમ એનાં તાત્વિક અર્થ સદગુરુ કરાવે છે. વાત મૂળમાં જાગવાની છે, અને એટલે વિષયોમાંથી કે સંબંધમાંથી થોડું જાગવાનો પ્રયોગ કરી નરસિંહને મળી હતી, એ અંતર ભાળની સૂરતી આપણને પણ પ્રાપ્ત થાય એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### નવાગામ આણંદપરમાં ગુનાઓ કરવાની ટેવ ધરાવનારો હદ વટાવી

# સુધરે ઈ સંજય ટકો નહિ: પોલીસમેનનો મોબાઈલ લૂંટ્યો!

## નવાગામના દીપકે ૧૧૨માં ફોન કરી ગાડી બોલાવી: પોલીસમેન આવતાં મોડુ કેમ થયું? કહી ડખ્ખો કર્યો: ત્યારે સંજયએ આવીને ગાળો ભાંડી: પછી સંજય-દિપકે મળી ઝપાઝપી કરી અને એપલ ફોન લૂંટી લીધો: બંને ભાગી જતાં ગુનો નોંધી શોધખોળ

રાજકોટ,તા.૧૩

નવાગામમાં રહેતાં અને અનેક વખત પોલીસ ચોપડે ચડી ચુકેલા શખ્સે અન્ય એક શખ્સની સાથે મળી વધુ એક ગુનો આચર્યો છે. મોટે ભાગે વિસ્તારના રહેવાસીઓ સાથે માથાકુટની ટેવ ધરાવતાં કે પછી બીજા ગુનાઓ આચરતાં આ નામીચા શખ્સે આ વખતે પોલીસ સાથે બાકાઝીકી કરી છે. એક શખ્સે માથાકુટ માટે ૧૧૨માં કોલ કરતાં ગાડી આવી ત્યારે તેના કોન્સ્ટેબલન સાથે આ શખ્સે કેમ મોડુ થયું? કહી ડખ્ખો કર્યો હતો. તે વખતે નામીચો શખ્સ પણ સામેલ થયો હતો અને તેણે પણ ગાળો ભાંડી હતી. બાદમાં બંને સાથે મળી ઝપાઝપી કરી પોલીસમેનનો એપલ મોબાઈલ ફોન લૂંટીને ભાગી ગયા હતાં.



વિગતો પર નજર કરીએ તો શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે રાત-દિવસ કાર્યરત પોલીસ જવાનો હવે અસામાજિક તત્વોના નિશાને હોય તેમ જણાય છે. કુવાડવા રોડ પોલીસ સ્ટેશનની ૧૧૨ જનરક્ષક વાનમાં ફરજ બજાવતા એક પોલીસ કોન્સ્ટેબલ પર નવાગામ આણંદપર પાસે બે શખ્સોએ હુમલો કરી, ઝપાઝપી કરી તેમની પાસેથી રૂપિયા ચાલીસ હજારની કિંમતનો આઈફોન લૂટી લેવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. પોલીસે આ મામલે કફરજમાં રૂકાવટ અને લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વિશેષ માહિતી અનુસાર ગુનામાં સામેલ બે શખ્સો પૈકી એક અગાઉ પણ અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે. આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે મુળ બગસરા ગોકુલપરાના અને હાલ માયાણીનગર ખીજડાવાળા રોડ પર હેતાં અને કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં વિશાલભાઇ નરેશભાઇ વઘાસીયા નામના અઠ્ઠાવીસ વર્ષના કોન્સ્ટેબલની ફરિયાદ પરથી નવાગામ આણંદપરમાં રહેતાં સંજય ઉર્ફે ટકો રોજાસરા અને દીપક પલારીયા વિરૂધ્ધ ફરજમાં રૂકાવટ અને લૂંટનો ગુનો નોંધી બંનેને શોધી કાઢવા તપાસ હાથ ધરી હતી. ફરિયાદની વિગત મુજબ કોન્સ્ટેબલ વિશાલભાઈ વઘાસીયા ૧૨મીએ રાત્રિના સમયે ૧૧૨ જનરક્ષક વાનમાં બેડી ગામ ખાતે હતાં. ત્યારે તેની સાથે ડ્રાઈવર પ્રભાતભાઈ પણ ફરજ પર હતા.

દરમિયાન રાત્રિના ૧૦:૨૮ કલાકે કંટ્રોલ રૂમ તરફથી કોલ મળ્યો હતો કે નવાગામ આણંદપરની રંગીલા સોસાયટીમાં દીપકભાઈ નામના વ્યક્તિના ઘર પાસે કેટલાક લોકો ઝઘડો કરવા આવ્યા છે. કોલ મળતાની સાથે જ કોન્સ્ટેબલ વિશાલભાઈ માત્ર સાત જ મિનિટમાં એટલે કે ૧૦:૩૫ વાગ્યે નવાગામ સોમનાથ રેસીડેન્સી સામે પહોંચ્યા હતા. પોલીસ ટીમ સ્થળ પર પહોંચી અને કોલ કરનાર દીપકભાઈ ઉર્ફે ભુરો પલારીયાને મળી હતી અને શું માથાકુટ છે તેની પૃછા કરી હતી. ત્યારે ત્યારે દીપકે પોલીસ સાથે ઉધ્ધત વર્તન ચાલુ કર્યુ હતું અને તમે કેમ મોડા આવ્યા? તેવું કહી બોલાચાલી શરૂ કરી હતી. આથી કોન્સ્ટેબલ વિશાલભાઈએ કોલ મળતાંની સાથે જ આવ્યા છીએ તેવું કહ્યુ હતું.

આ દરમિયાન ત્યાં હાજર સંજય ઉર્ફે ટકો રોજાસરા નામના શખ્સે પણ પોલીસ કોન્સ્ટેબલ વિશાલભાઈ સાથે ગાળાગાળી કરી ઝપાઝપી કરી હતી. તેને ગાળો બોલવાની ના પાડતાં તે વધુ માથાકુટ કરવા માંડ્યો હતો. મામલો એટલો બિચક્યો હતો કે બાદમાં દીપક અને સંજય ઉર્ફે ટકો બંનેએ મળી પોલીસમેન વિશાલભાઇનો એપલ કંપનીનો આઈફોન ૧૪ પ્લસ કિંમત રૂ. ૪૦,૦૦૦નો ઝૂંટવી લીધો હતો અને લૂંટ ચલાવી હતી. પોલીસ કોન્સ્ટેબલને શારીરિક રીતે અડચણ ભી કરી અને તેમની કાયદેસરની ફરજમાં રૂકાવટ નાખી, દીપક પલારીયા અને સંજય રોજાસરા બંને એક એક્સેસ મોટરસાઈકલ પર સવાર થઈને ભાગી ગયા હતા. આ મોટરસાઈકલની નંબર પ્લેટ પર આગળના ભાગે ૭૭ લખેલા હતાં.

આ બનાવમાં ફરજ પરના પોલીસ જવાન સાથે થયેલી આ લૂંટ અને હુમલાની ઘટનાને પગલે પોલીસ બેડામાં ભારે ચર્ચાઓ જાગી છે. કોન્સ્ટેબલ વિશાલભાઈએ આ બાબતે સંજય ઉર્ફે ટકો અને દીપક પલારીયા વિરૂધ્ધ કુવાડવા રોડ પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવતાં ઇન્સપેકટર વી. આર. વસાવા, પીએસઆઇ અજયરાજસિંહ બી. ઝાલા સહિતે તપાસ શરૂ કરી છે. બે આરોપીઓ પૈકીનો સંજય ઉર્ફે ટકો અગાઉ પણ અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે અને પાસાની હવા પણ ખાઇ ચુક્યો છે. વિસ્તારમાં પણ તે માથાભારેની છાપ ધરાવતો હોવાનું લોકોનું કહેવું છે. આ શખ્સનું અગાઉ ક્રાઈમ બ્રાંચે અલગ અલગ ગુનામાં પકડી લઇ સરઘસ પણ કાઢ્યું હતું. જો કે સુધરે ઇ સંજય ટકો નહિ એમ ફરી એક વખત તેણે લખણ ઝળકાવ્યા છે.

### ગામના ગરીયા ફેરવીને જેને પોતાના ગજવા ભરવા છે તેને કંઇ નડતું નથી: વધુ ત્રણ ઠગાઇ

# કાપડ-હીરાના ત્રણ વેપારી સાથે પોણા કરોડનું ફ્રોડ

## વિશ્વાસ કેળવી બે વેપારી પાસેથી સાડા ચોત્રીસ લાખ અને સોળ લાખનું કાપડ ખરીદી નાણા ન ચુકવાયા: ત્રીજી ઘટનામાં બાકીમાં ત્રેવીસ લાખના હીરા લઇ જઇ ચૂનો લગાવ્યો

રાજકોટ,તા.૧૩

છેતરપીંડીના બનાવો કોઇકાળે અટકતા જ નથી. લોકોને પોલીસ ગમે એવા જાગૃત કરે તો પણ ગઠીયાઓ આગળ રહે છે અને લોકોને છેતરી લેવામાં સફળ થઇ જાય છે. વધુ બે વેપારીઓ સાથે ફ્રોડ થયું છે. ઓનલાઇન સાથે સાથે ઓફલાઇન ફ્રોડની ઘટનાઓ પણ રોજીંદી છે. વધુ બે વેપારી છેતરાયા છે જેમાં એક વેપારીને સાડા ચોત્રીસ લાખનો અને બીજાને સોળ લાખનો ચૂનો લાગ્યો છે.

વિગતો પર નજર કરીએ તો સુરતના સારોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાપડના વેપાર સાથે જોડાયેલા છેતરપિંડીના બે કેસ સામે આવ્યા છે.

બંને કિસ્સાઓમાં વેપારીઓને વિશ્વાસમાં લઈ લાખો રૂપિયાનું કાપડ ખરીદ્યા બાદ નાણાં ન ચૂકવવાનો આરોપ છે. એક કેસમાં ગ્રે કાપડના વેપાર સાથે જોડાયેલો છે. ફરિયાદી મિતેશ હરીભાઈ પટેલનો આરોપ છે કે ખટોદરા સ્થિત 'બાલાજી ફેશન'ના -પ્રોપરાઈટર અમિત કિશોરભાઈ મિસ્ત્રીએ વર્ષ પોતાની જાતને ભરોસાપાત્ર વેપારી ગણાવી તેમની સાથે વેપાર શરૂ કર્યો હતો.

ત્યારબાદ આરોપીએ અલગ-અલગ બિલ દ્વારા ૩૨.૧૯ લાખ રૂપિયાનું ગ્રે કાપડ ખરીદ્યું હતું. જેમાંથી ૧૧.૭૬ લાખ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી હતી, જ્યારે ૨૦.૪૩ લાખ રૂપિયા બાકી રાખ્યા હતા. ફરિયાદ અનુસાર, આરોપીએ ૪ લાખ રૂપિયાનો ચેક પણ આપ્યો હતો, જે બેંકમાં રોકડ ઉપલબ્ધ ન હોવાને કારણે બાઉન્સ થયો હતો. આ મામલે કોર્ટમાં ચેક રિટર્નનો કેસ પણ ચાલી રહ્યો છે. ફરિયાદીનો આરોપ છે કે આરોપીએ અત્યાર સુધી ૧૬.૪૩ લાખ રૂપિયાની ચૂકવણી કરી નથી અને છેતરપિંડી કરી છે.

આરોપી એવી વાતો કરતો હતો કે પોતે મહાવીર યાર્ન પ્રા. લિ. ફર્મ સાથે જોડાયેલો છે. ફરિયાદી વિજયકુમાર બોથરાએ જણાવ્યું કે મુંબઈની માતેશ્રી ટેક્સટાઈલના વેપારી ફતેહસિંહ અને દલાલ સુરેન્દ્ર સુરાનાએ મીઠી વાતો કરી વેપાર શરૂ કરાવ્યો હતો. શરૂઆતમાં સમયસર ચુકવણી કરી વિશ્વાસ જીત્યો અને ત્યારબાદ ઓગસ્ટ ૨૦૨૧થી મે ૨૦૨૫ ની વચ્ચે ૧.૪૮ કરોડ રૂપિયાથી વધુનું પોલિએસ્ટર ફિનિશ કાપડ ખરીદ્યું હતું. આરોપીઓએ કુલ ૧.૩૪ કરોડ રૂપિયાની ચુકવણી કરી હતી, પરંતુ ૧૪.૩૬ લાખ રૂપિયા આપ્યા ન હતા. આમ બે વપારી છેતરાઇ ગયા હતા. ત્રીજી ઘટના જોઇએ તો વરાછા વિસ્તારમાં સીવીડી રફ હીરાના વેપારમાં ૨૩.૪૭ લાખ રૂપિયાની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. આરોપી વેપારી હર્ષદ મહેતા પર હીરા ઉધાર લીધા બાદ નાણાં ન ચૂકવી મોબાઈલ બંધ કરી ફરાર થઈ ગયો છે. આ મામલે અશ્વિનીકુમાર પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી. મૂળ ભાવનગરના વતની અને હાલ વરાછાની કસ્તુરબા સોસાયટીમાં રહેતા રશ્મિનભાઈ જાસોલિયા છેલ્લા ત્રણ વર્ષથી એ.કે. રોડ સ્થિત ફર્મ ડીએમ એલએલપી




ફર્મમાં સીવીડી રફ વિભાગમાં સેલ્સ મેનેજર તરીકે કામ કરે છે.

તેમનું કામ વેપારીઓ અને દલાલોને હીરા બતાવી સોદો કરાવવાનું છે. ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, આરોપી હર્ષદભાઈ ચીનુભાઈ મહેતા અગાઉ પણ તેમની બીજી ફર્મ 'કાકા ડીએમ' પાસેથી દલાલ મયુરભાઈના માધ્યમથી હીરા ખરીદી ચૂક્યો હતો અને સમયસર ચૂકવણી કરતો હતો. ૨૭ નવેમ્બર ૨૦૨૫ ના રોજ તેને ૧૬૮૨.૨૭ કેરેટ સીવીડી રફ હીરા ૧૫.૧૫ ડોલર પ્રતિ કેરેટના ભાવે વેચવામાં આવ્યા હતા. સોદો ૨૫,૪૮૬.૩૯ ડોલર એટલે કે ૨૩.૪૭ લાખ રૂપિયાનો થયો હતો. આરોપીએ કાચી ચિઠ્ઠી પર સહી કરીને ૩૧ દિવસમાં નાણાં ચૂકવવાનું વચન આપ્યું હતું. સમય પૂરો થતા તેણે પહેલા દસ દિવસની મહોલત માંગી અને બાદમાં સતત બહાના બનાવી સમય પસાર કરતો રહ્યો. ફરિયાદીના જણાવ્યા અનુસાર, આરોપીનો મોબાઈલ બંધ આવવા લાગ્યો હતો. જેથી છેતરાયાની ખબર પડી હતી.

### અમુકને ક્યાંય શાંતી નથી: જાહેર સ્થળોએ પણ મચાવે ધમાલ

# બગીચામાં બહેનપણી સાથે બેઠેલા યુવાનને બે શખ્સે લોહીલુહાણ કર્યો

રાજકોટ,તા.૧૩

અમુક તત્વો એવા હોય છે જે બીજા લોકોને બગીચામાં પણ શાંતીથી બેસવા દેતાં નથી. આવી જ એક ઘટના બની છે. જેમાં શહેરના સ્વામીનારાયણ ચોક પાસે રહેતા અને માર્કેટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા યુવાન રાત્રે નવલનગરના બગીચામાં બહેનપણી સાથે બેઠો હતો ત્યારે બે શખ્સોએ હુમલો કરી લોહીલુહાણ કરી નાંખ્યો હતો. આ શખ્સોને ગાળો બોલવાની ના પાડતાં બંને તૂટી પડ્યા હતાં.



યુવાને અપશબ્દો બોલવાની ના પાડતાં બંને તૂટી પડ્યા: એકને લોકોએ પકડી પોલીસને સોંપ્યો

વિગતો જોઇએ તો આ બનાવમાં માલવીયાનગર પોલીસે સ્વામિનારાયણ ચોક કૃષ્ણનગર-૧૦ મારૂતિનંદન ખાતે રહેતાં ધ્રુવ ભાવેશભાઇ ચોટાઇ નામના સત્યાવીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી મયુર જગદીશભાઇ મોરબીયા અને અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધ્યો છે. ધ્રુવ મવડી ચોકડીએ જ્યોતિ કોમ્પલેક્ષમાં ઓફિસ નં. ૩૦૨માં માર્કેટીંગનું કામ કરે છે. અગીયારમીએ રાતે આશરે સાડા અગિયારેક વાગ્યાની આસપાસ તેની મહિલા મિત્ર સાથે કૃષ્ણ ડેરી સામે આવેલા નવલનગરના બગીચામાં બેઠો હતો. આ દરમિયાન બે શખ્સો ત્યાં આવીને જોરજોરથી બિભત્સ ગાળો બોલવા લાગ્યા હતા. ધ્રુવએ સભ્યતા જાળવવા અને ગાળો નહિ બોલવા સમજાવતાં આ બંને એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ઝઘડો શરૂ કર્યો હતો. આ માથાકૂટ દરમિયાન ધ્રુવની મહિલા મિત્ર વચ્ચે પડતા આરોપીઓએ તેમની સાથે પણ ગેરવર્તણૂક કરી ગાળાગાળી કરી હતી. જોતજોતામાં મામલો મારામારી પર પહોંચ્યો હતો. જેમાં એક શખ્સે પોતાના હાથમાં પહેરેલા કડા વડે ધ્રુવના માથામાં ઉપરાછાપરી ઘા મારી દીધા હતા. હુમલાને કારણે ધ્રુવને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા લોહી નીકળવા લાગ્યું હતું.

દેકારો થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, જેને પગલે એક હુમલાખોર ત્યાંથી નાસી છૂટ્યો હતો. ઘટનાસ્થળે હાજર લોકોએ એક શખ્સને પકડી પાડ્યો હતો અને ઈજાગ્રસ્ત ધ્રુવ તેમજ તે શખ્સને તાત્કાલિક માલવીયાનગર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા શખ્સનું નામ મયુર જગદીશભાઈ મોરબીયા હોવાનું બહાર આવ્યું હતું. ધ્રુવને૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યો હતો. ઇન્સપેક્ટર જે. એમ. કૈલાની રાહબરીમાં હેડકોન્સ્ટબે એમ. સી. ઓગાણીયાએ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### હું સીબીઆઇમાંથી બોલુ છું તમારા ખાતાનો ઉપગયોગ મની લોન્ડરીંગમાં થયો છે, તમારી ધરપકડ કરવામાં આવે છે

# વૃધ્ધને ૨૮ દિવસ ડિજીટલ એરેસ્ટ કરી દોઢ કરોડ પડાવ્યા

## પોલીસે એક સાયબર ગઠીયાને પકડ્યો: તેના એકાઉન્ટ વિરૂધ્ધ દેશભરમાં દાખલ થઇ છે બાર ફરિયાદ: એકાઉન્ટમાં અઢી કરોડથી વધુના ટ્રાન્જેકશન

રાજકોટ,તા.૧૩

ઓનલાઇન સાયબર ફ્રોડની ઘટનાઓ રોજીંદી છે. વધુ એક વૃધ્ધને અઠ્ઠાવીસ દિવસ સુધી ડીજીટલ એરેસ્ટ કરી દોઢ કરોડ પડાવી લેવાયા છે. નકલી સીબીઆઇ ઓફિસર બની આ વૃધ્ધને ડરાવી ધમકાવી નાણા ખંખેરી લેવાયા હતાં. આ કેસમાં પોલીસને એક આરોપી સુધી પહોંચવામાં સફળતા મળી છે. આ શખ્સના બેંક ખાતામાં બે કરોડ ચોર્યાસી લાખના ટ્રાન્જેકશન થયાનું ખુલતાં વિશેષ તણપાસ આગળ ધપાવાઇ છે.

વિગતો પર નજર કરીએ તો સુરતના એક બોંતેર વર્ષીય સિનિયર સિટીઝનને નિશાન બનાવીને ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૧.૪૭ કરોડથી વધુની રકમ પડાવી લેવાનું કૌભાંડ સામે આવ્યું છે. સુરત શહેર સાયબર ક્રાઈમ સેલે આ મામલે ટેકનિકલ સર્વેલન્સના આધારે અમદાવાદથી મુખ્ય આરોપી ઉર્જિત કવિની ધરપકડ કરી છે. આરોપીએ



વૃદ્ધને મની લોન્ડરિંગના ખોટા કેસમાં ફસાવી અઠ્ઠાવીસ દિવસ સુધી માનસિક દબાણમાં રાખી આખી ઘટનાને અંજામ આપ્યો હતો. આ ગુનામાં સાયબર માફિયાઓએ પીડિતને ડરાવવા માટે પ્રી-પ્લાન્ડ સ્ક્રિપ્ટનો ઉપયોગ કર્યો હતો. આરોપીઓએ ફરિયાદીને ફોન કરી પોતે મુંબઈ સાયબર ક્રાઈમ અને સીબીઆઇ ઓફિસર હોવાની ઓળખ આપી હતી.

આરોપીએ વૃદ્ધને એવું કહીને ડરાવ્યા હતા કે તમારા આધાર નંબર પરથી એક સીમકાર્ડ લેવામાં આવ્યું છે, જેનો ઉપયોગ જેટ એરવેઝના નરેશ ગોયલના મની લોન્ડરિંગ કેસમાં થયો છે. એટલું જ નહીં, આ સીમકાર્ડથી દેશવિરોધી મેસેજ પણ મોકલવામાં આવ્યા હોવાનું કહીને તેમને સતત વીડિયો કોલ પર નજર હેઠળ રાખીને ડિજિટલ એરેસ્ટ કર્યા હતાં. સુરત ડીસીપી બિશાખા જૈને જણાવ્યું કે, આરોપીઓએ ફરિયાદીને અઠ્ઠાવીસ દિવસ સુધી ડિજિટલ નજરકેદમાં રાખ્યા હતા. આ દરમિયાન ફરિયાદીના વોટ્સએપ પર મુંબઈ પોલીસ અને ક્રાઈમ બ્રાંચના બનાવટી લેટર્સ મોકલવામાં આવ્યા હતાં. આરોપીઓએ જણાવ્યું હતું કે જો તમારે ધરપકડથી બચવું હોય તો તમારા તમામ બેંક એકાઉન્ટ્સ અને પોર્ટફોલિયો લિક્વિડેટ કરી આરબીઆઇમાં એન્ટ્રી વેરીફાઈ કરાવવી પડશે.

આ કેસમાં સુરત સાયબર ક્રાઈમની ટીમે બેંક ટ્રાન્ઝેક્શન અને લોકેશન ટ્રેસ કરીને અમદાવાદના ગોતા વિસ્તારમાં આવેલા સેવી સ્વરાજ ફ્લેટ-૧માં દરોડો પાડ્યો હતો. અહીંથી સાડત્રીસ વર્ષીય ઉર્જિત સચ્ચિત આનંદ કવિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ઉર્જિત હાલ બેકાર છે પરંતુ તેના બેંક એકાઉન્ટનો ઉપયોગ સાયબર ફ્રોડના પૈસા મેળવવા માટે થતો હતો. ફરિયાદીના રૂ. ૧.૪૭ કરોડમાંથી રૂ. ૩૯ લાખ સીધા જ ઉર્જિતના અમદાવાદના આઇસીઆઇસીઆઇ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયા હતા. પોલીસ તપાસમાં આરોપી ઉર્જિત કવિના આઇસીઆઇસીઆઇ બેંક ખાતાની તપાસ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ એકાઉન્ટમાં અત્યાર સુધીમાં કુલ રૂ. ૨,૮૪,૯૩,૬૨૮ના ટ્રાન્ઝેક્શનો થયા છે.

આ રકમ દેશભરના અલગ-અલગ લોકો પાસેથી છેતરીને મેળવવામાં આવી હોવાની શંકા છે. સાયબર સેલે એનસીસીઆરપી પર તપાસ કરતા માલૂમ પડ્યું કે આ એક જ બેંક એકાઉન્ટ વિરુદ્ધ દેશના વિવિધ રાજ્યોમાં કુલ બાર જેટલી ફરિયાદો નોંધાયેલી હતી.સાયબર ક્રાઈમ સેલે નાગરિકોને અપીલ કરી છે કે સીબીઆઇ, ઈડી, ક્રાઇમ બ્રાંચ પોલીસ જેવી કોઈ પણ સરકારી એજન્સી ક્યારેય વીડિયો કોલ દ્વારા કોઈની ધરપકડ કરતી નથી કે પૈસાની માંગણી કરતી નથી. જો કોઈ અજાણ્યો શખ્સ પોલીસના નામે વીડિયો કોલ કરી તમને ડરાવે અથવા ડિજિટલ એરેસ્ટની ધમકી આપે, તો તુરંત જ ૧૯૩૦ હેલ્પલાઈન પર અથવા નજીકના સાયબર ક્રાઈમ સ્ટેશનમાં સંપર્ક કરવો જોઈએ.


આ કારસ્તાનમાં હાલમાં સુરત પોલીસે ઉર્જિત કવિની ધરપકડ કરી તેને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે. આ કૌભાંડમાં સીબીઆઇ ઓફિસર બનીને વાત કરનાર મહિલા અને સતીષ નિકમ તેમજ આકાશ કુલહરીના નામે ઓળખ આપનાર અન્ય આરોપીઓ કોણ છે તેની શોધખોળ ચાલુ છે. પોલીસને આશંકા છે કે આ એક આંતરરાજ્ય ગેંગ છે જે સુરત જેવા મોટા શહેરોના ધનિક અને વૃદ્ધ નાગરિકોને ડેટા ચોરી કરીને નિશાન બનાવે છે. આ કિસ્સો તેનો વધુ એક પુરાવો છે.

જો કે પોલીસ મુખ્ય સુત્રધાર સુધી પહોંચીને વૃધ્ધે ગુમાવેલી રકમ રીકવર કરે તે વધુ યોગ્ય ગણાશે. મોટા ભાગના આવા કેસમાં પોલીસ વચેટીયા આરોપી સુધી પહોંચે છે. પરંતુ મોટે ભાગે સુત્રધાર કે પછી લોકોએ ગુમાવેલા લાખો કરોડો પાછા મેળવવામાં પુરી સફળતા મળતી નથી એ પણ હકિકત છે.

### આડેધડ બંબાટ બેફામ સ્પીડથી હંકારાતા વાહનો બની રહ્યા છે બીજા લોકો માટે જોખમી

# બ્લેક વોલ્વો કારે ચાર કારને ઉલાળીઃ ફિલ્મી દ્રશ્યો

## દોઢસો રીંગ રોડ બાલાજી હોલ પાસે બનાવઃ એક ટુવ્હીલર પણ ઠોકરે ચડ્યુંઃ કારચાલકની ધોલધપાટઃ ત્રણને ઈજા



રાજકોટ,તા.૧૩

શહેરમાં વધુ એક વખત આજે એક કાર બેફામ બની ગઇ હતી. જેના પગલે દોઢસો ફુટ રીંગ રોડ પર બાલાજી હોલ મહાપુજા ધામ ચોકમાં રોહીત શેટ્ટીની એક્શન ફિલ્મમાં જેમ કાર ઉડતી હોય છે તેવા દ્રશ્યો સર્જાયા હતાં. બ્લેક વોલ્વો કારના ચાલકે કોઇપણ કારણોસર કાબુ ગુમાવી દેતાં તે બેફામ બની હતી અને રસ્તા પરથી બીજી ચાર કાર રમકડાની જેમ ઠોકરે ચડી જતાં અફડાતફડી મચી ગઇ હતી. એક બાઇકવાળો પણ ઝપટમાં આવી ગયો હતો. આ બાઇકચાલક સાથે બેઠેલા મહિલાને તેમજ એક કારમાં બેઠેલા વ્યક્તિ સહિત ત્રણને ઇજા થઇ હતી. સદનસિબે મોટી જાનહાની અટકી હતી. અકસમાત સર્જનારા કારચાલકને ટોળાએ એવો ઢીબી નાંખ્યો હતો કે તેને હોસ્પિટલાઇઝ થવાની નોબત આવી હતી.

શહેરમાં અવાર-નવાર બેફામ ઝડપથી વાહનો હંકારતા ચાલકો પોતાના માટે અને ક્યારેક બીજાના માટે જોખમી બની જાય છે. દોઢસો ફુટ રીંગ રોડ બાલાજી હોલથી આગળ મહાપૂજાધામ ચોકમાં આજે બપોરે આવા જ એક ચાલકે પોતાની પાસેથી વોલ્વોકાર બેફામ સ્પીડથી હંકારી કોઇપણ કારણોસર કાબુ ગુમાવી દેતાં રસ્તા પરની બીજી પાંચ કાર અને એક ટુવ્હીલરને ઉલાળી દેતાં દેકારો મચી ગયો હતો. આ અકસ્માતમાં ઠોકરે ચડેલા વાહનોમાં ભારે નુકસાની થઇ હતી. અવાજને કારણે લોકોના ભેગા થઇ ગયા હતાં. એક કારનું તો વ્હીલ નીકળી ગયું હતું. આ અકસ્માતમાં ચાર લોકોને ઇજા થઇ હતી.

આ અકસ્માતને પગલે વોલ્વોકારના ચાલકને લોકોએ બેફામ ધોકાવી નાંખ્યો હતો. તેની સાથે અન્ય બે ત્રણ શખ્સો પણ હતાં. વિગત અનુસાર મવડી દોઢસો ફુટ રીંગ રોડ પર બાલાજી હોલથી મહાપૂજા ધામ ચોકવાળા રોડ પર કાળા રંગની વોલ્વોકાર નં. જીજે૦૩એનએફ-૬૫૬૬ બેફામ ઝડપથી નીકળી હતી અને રસ્તા પર જઇ રહેલી અન્ય ચારથી પાંચ કાર તથા એક ટુવ્હીલરને ધડાધડ ઠોકરે ચડાવી દેતાં એક્શન ફિલ્મ જેવા દ્રશ્યો સર્જાયા હતાં. એક પછી એક પાંચ કાર ઠોકરે ચડી જતાં તેમાં ભારે નુકસાની થઇ હતી. આ અકસ્માતમાં ઇજા પામનારા પૈકીના ૮૦ ફુટ રોડ મટુકી રેસ્ટોરન્ટ પાસે રાધે ક્રિષ્ના હાઇટ્સમાં રહેતાં ત્રીસ વર્ષના આશિષભાઇ નટુભાઇ સોલંકીને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

જ્યારે અન્ય ઇજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં લઇ જવાયા હતાં. ઘટના સ્થળે હાજર લોકોના કહેવા મુજબ ત્રણથી ચાર લોકોને ઇજાઓ પહોંચી હતી. આ અકસ્માત એટલો ભયંકર હતો કે ઠોકરે ચડેલી તમામ કારમાં ભારે નુકસાની થઇ હતી. અલ્ટો કાર તો રોડ પર ચાર ચક્કર ફરી ગઇ હતી. તો એક બાઇક પણ ઠોકરે ચડી ગયું હતું. અકસ્માતને કારણે ધડાકા સાથે અવાજ આવતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતાં. જે કાળા રંગની વોલ્વો કારના ચાલકે અકસ્માત સર્જ્યો હતો તે ચાલકને લોકોએ ઘેરી લઇ બેફામ ધોલધપાટ ચાલુ કરી દીધી હતી.

આ વખતે પોલીસ પણ આવી જતાં ચાલક અને તેની સાથેના લોકોને ટોળામાંથી બહાર કાઢ્યા હતાં. ટોળાની મારકુટને કારણે વોલ્વો કારના ચાલક નાના મવા રાજ રેસીડેન્સીમાં રહેતાં બીલ્ડર બત્રીસ વર્ષના ધવલભાઇ મહેશભાઇ પીપળીયાને ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં માલવીયાનગર પોલીસને જાણ કરાઇ હતી. ધવલભાઇને સંતાનમાં બે દિકરી છે. તેની સાથે અન્ય લોકો પણ હોવાનું લોકોમાં ચર્ચાતુ હતું. જે કાર કાળી વોલ્વોકારની ઠોકરે ચડી તેમાં એક્સયુવી નં. જીજે૦૩પીએમ-૪૯૧૨, ઓરા કાર નં. જીજે૦૩એનબી-૬૫૬૭, અલ્ટો જીજે૦૩ડીજી-૮૫૯૧ અને સ્વીફ્ટ જીજે૦૩સીઆર-૪૬૪૪ સામેલ છે. તેમજ એક હોન્ડા પણ ઠોકરે આવી ગયું હતું.

આ તમામ વાહનોમાં ભારે નુકસાની થઇ હતી. એક કારનું વ્હીલ નીકળી ગયું હતું. સદ્દનસીબે મોટી જાનહાની થતાં રહી ગઇ હતી. અકસ્માત સ્થળે હાજર લોકોના કહેવા મુજબ અચાનક જ ફિલ્મના એક્શન સીનની જેમ કાળી વોલ્વોકાર આવી હતી અને ધડાધડ રસ્તા પરની બીજી કારોને ઉલાળી દીધી હતી. માલવીયાનગર પોલીસ મથકના પોલીસ ઇન્સપેક્ટર જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં ઇન્વેસ્ટીગેશ સ્ટાફે કાર્યવાહી કરી હતી. અકસ્માતની આ ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં.

---

### ડીસીબીએ દરોડો પાડ્યોઃ મોબાઇલમાંથી લાખો પોઇન્ટસ અને પેટા આઇડીઓ મળતાં તપાસ

# કેનાલ રોડ પર ઓનલાઇન કસીનો, ક્રિકેટ સટ્ટો રમતો એક પકડાયોઃ ૪ નામ ખુલ્યા

રાજકોટ,તા.૧૩

આઈપીએલ ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા તત્વો સામે થઇ રહેલી કાર્યવાહી અંતર્ગત વધુ એક દરોડો પાડવામાં આવ્યો છે. જેમાં શહેરના કેનાલ રોડ પરથી મોબાઈલ એપ્લિકેશન દ્વારા ક્રિકેટ મેચ અને કેસિનો ગેમ્સ પર હારજીતનો જુગાર રમાડતા એક શખ્સને પોલીસે લાખોના પોઈન્ટ્સ અને કિંમતી મોબાઈલ સાથે ઝડપી પાડ્યો છે. આ દરોડામાં અમદાવાદ અને રાજકોટના અન્ય બુકીઓના નામ પણ ખુલતા તપાસ શરૂ થઇ છે. ડીસીબી પોલીસ સ્ટેશનનો સ્ટાફ શહેરના કેનાલ રોડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે કનકનગર, જોકર ગાંઠિયા પાસે આવેલી શેરીમાં એક શખ્સ પોતાના મોબાઈલમાં આઈડી દ્વારા આઈપીએલ મેચ પર જુગાર રમી અને રમાડી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડી ધવલ અતુલભાઈ રાજાણી (મીલપરા-૩) નામના શખ્સને કોર્ડન કરી ઝડપી લીધો હતો. પોલીસે પંચોની હાજરીમાં ધવલના સેમસંગ ફોલ્ડ-૦૫ મોબાઈલની તપાસ કરતા તેમા ઓલપેનલ-૭૭૭ નાઉ નામની વેબસાઈટ પર ડીએચ-૭૭૬૮ નામની માસ્ટર આઈડી ખુલ્લી જોવા મળી હતી. આ આઈડીમાં ૨૯ લાખથી વધુના પોઈન્ટ્સ જોવા મળ્યા હતા. વધુ તપાસમાં તેમાંથી અનેક સબ-યુઝર આઈડી બનાવી અલગ-અલગ ગ્રાહકોને ક્રિકેટ અને કેસિનો રમવા માટે આપવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. આ ઉપરાંત બ્લાઈન્ડ-૨૪૭. કોમ નામની અન્ય એક એપ્લિકેશન પણ મળી આવી હતી જેમાં ૫ લાખથી વધુનું બેલેન્સ જોવા મળ્યું હતું. પકડાયેલા આરોપી ધવલની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું કે તેણે આ માસ્ટર આઈડી અમદાવાદના આનંદ ચંદુભાઈ અમરેલીયા પાસેથી મેળવી હતી. ધવલે આ માસ્ટર આઈડીમાંથી રાજકોટના રવિ, અર્જુન રાજેશભાઈ પોપટ અને ભાવેશ પોપટ નામના શખ્સોને પણ યુઝર આઈડી રમાડવા માટે આપી હોવાની કબુલાત કરી હતી. પોલીસે આ તમામ શખ્સોને આરોપી તરીકે દર્શાવી તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ડીસીબી પોલીસે આરોપી પાસેથી રૂ. ૨૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન કબ્જે કરી જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. પીઆઇ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ એસ. બી. ગોહિલ, એએસઆઇ વાય. ડી. ભગત, કોન્સ. અરવિંદભાઈ ફતેપરા સહિતે આ કામગીરી કરી હતી.

---

# બેંકના ચડત હપ્તાની ઉઘરાણી કરતાં કલેક્શન મેનેજરને ઓફિસમાં પુરી મારકુટ

### એચડીબી બેંકના અધિકારી સાથે બનાવઃ તાલુકા પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર

રાજકોટ,તા.૧૩

બેંક લોનના હપ્તાની ઉઘરાણી કરવા ગયેલા બેંકના કલેક્શન મેનેજર અને તેમના સાથીદાર પર હુમલો થયાની ઘટના સામે આવી છે. લોન ધારક અને તેના સાથીદારોએ મળીને બેંક કર્મચારીઓને ઓફિસમાં પુરી દઈ, માથાના ભાગે બોથડ પદાર્થ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં દાખલ થતાં તપાસ શરૂ થઇ હતી. આ બનાવમાં તાલુકા પોલીસે કાલાવડ રોડ આરકે નગર મેઇન રોડ રાજપરા હાઉસમાં રહેતાં અને ડો. યાજ્ઞિક રોડ પર એચડીબી બેંકમાં ફાયનાન્સ ઓફિસમાં કલેક્શન મનેજર તરીકે નોકરી કરતાં હરપાલસિંહ પ્રદીપસિંહ જાડેજાની ફરિયાદ પરથીઓજસ ઓરા કોમ્પલેક્ષમાં બેસતાં યોગેશ ઉમરેટીયા, શ્વેત ઉમરેટીયા, પ્રશાંત ચોવટીયા સહિતની સામે ગુનો દાખલ કર્યો છે. હરપાલસિંહે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત ૧૧ મે ૨૦૨૬ના રોજ આ ઘટના બની હતી. શ્વેત ચોવટીયા નામના વ્યક્તિએ બેંકમાંથી ૩ લાખની લોન લીધી હતી, જેમાં યોગેશ ઉમરેટીયા જામીનદાર હતા. લોનના ત્રણ હપ્તા ચડી ગયા હોવાથી બેંકના કર્મચારી જયદીપભાઈ ડવ ઉઘરાણી માટે ગયા હતા. આ પછી જ્યારે ઉઘરાણી બાબતે વાતચીત કરવા માટે ફરિયાદી હરપાલસિંહ મટુકી ચોક પાસે આવેલી ખોડલ એન્ટરપ્રાઈઝ નામની ઓફિસે પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર આરોપીઓ શ્વેત ચોવટીયા, યોગેશ ઉમરેટીયા અને પ્રશાંત ચોવટીયા તેમજ અન્ય ૪-૫ અજાણ્યા માણસોએ ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી શરૂ કરી હતી. આરોપીઓએ ઓફિસનો દરવાજો બંધ કરી દઈ હરપાલસિંહને પકડી રાખ્યા હતા અને પ્રશાંત ચોવટીયાએ કોઈ વસ્તુ વડે હરપાલસિંહના માથા તથા નાકના ભાગે ઘા ફટકારતા તેઓ લોહીલુહાણ થયા હતા. તેમજ માર મારતી વખતે આ લોકોને જીવતા નથી છોડવા તેવી ધમકી પણ આપી હતી. બનાવ બાદ ૧૧૨ પર કોલ કરીને પોલીસ બોલાવવામાં આવી હતી. ઈજાગ્રસ્ત હરપાલસિંહને તાત્કાલિક સારવાર માટે મેડિકેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સારવાર લીધા બાદ હવે તાલુકા પોલીસને જાણ કરતાં પીઆઇ એસ. આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ બી. વી. સરવૈયાએ આરોપીઓ વિરૂધ્ધ રાયોટિંગ, મારામારી અને ધમકી આપવા બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

---

### કોલેજમાં ભણતી ત્યારે મિત્રતા થઇ, સગાઇ થતાં ફ્રેન્ડશીપ ખતમ કરી તો સગાઇ તોડાવીઃ હવે પરણી ગયા પછી પણ નથી છોડી રહ્યો પીછો

# ઈન્સ્ટાગ્રામીયા ફ્રેન્ડથી પરિણીતા ભયભીત

## ધરાર પોતાની સાથે સંબંધ રાખવાનું કહી ફોન કરી ડરાવે ધમકાવેઃ ફોટા વાયરલ કરવાની તેમજ તેણીને અને તેના પતિ, પિતા, ભાઇને પણ મારી નાંખવાની આપે છે ધમકી

રાજકોટ,તા.૧૩

ઘણીવાર ફિલ્મોમા એવા રોમીયાઓ જોવા મળતાં હોય છે જે કોઇ હિરોઇનની પાછળ પડી જતાં હોય છે. વર્ષો પહેલા આવી એક ફિલ્મમાં શાહરૂખે આવી રોમીયોગીરી કરી હતી. આવી જ એક ઘટના હકિકતમાં બની છે. જેમાં એક યુવતિ કોલેજમાં ભણતી ત્યારે ઇન્સ્ટાગ્રામથી એક શખ્સ સાથે મિત્રતા થઇ હતી. પણ તેણીની સગાઇ થતાં મિત્રતા ખતમ કરતાં આ શખ્સે મંગતેર પાસે જઇ સગાઇ તોડાવી નાંખી હતી. હવે આ યુવતિના લગ્ન થઇ ગયા છે છતાં આ શાહરૂખ સ્ટાઇલ રોમીયો તેણીનો પીછો છોડતો નથી અને સતત તેણીને હેરાન પરેશાન કરી પોતાની સાથે પરાણે સંબંધ રાખવા વાત કરવા દબાણ કરી મારી નાંખવાની ફોટા વાયરલ કરવાની ધમકી આપી રહ્યો છે. થાકી હારીને પરિણીતાએ હવે પોલીસને જાણ કરતાં કાર્યવાહી થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં એક પરિણીત યુવતીને તેના લગ્ન બાદ પણ પુર્વ પ્રેમી દ્વારા હેરાન કરવામાં આવતી હોવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ગંભીર ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. અગાઉ પણ આ શખ્સે તેની સગાઇ તોડાવી નાંખી હતી. તેમજ હાલમાં યુવતિ સાસરે હોઇ તેના ગામમાં જઇને પણ તેને સતત ધમકાવી ફોટા વાયરલ કરી દેવાનું કહી હેરાન કરતો હોઇ અને યુવતિ રાજકોટ માવતરે આવે ત્યારે પણ તેની શેરીમાં આટાફેરા કરી પોતાની સાથે વાત કરવા દબાણ કરતો હતો. આ બનાવમાં પોલીસે યુવતિન ફરિયાદ પરથી સહકાર રોડ પર રઘુવીર સોસાયટીમાં કલ્યાણ હોલ સામે રહેતાં રાજ ભરતભાઇ ઝીંઝુવાડીયા વિરૂધ્ધ ગુનો નોંધી તેની ધરપકડની તજવીજ કરી હતી.



શાહરૂખસ્ટાઇલ રોમીયોગીરી કરનારા સહકારનગરના રાજ વિરૂધ્ધ ભક્તિનગર પોલીસે દાખલ કરી એફઆઇઆર

વધુ માહિતી અનુસાર યુવતિ હાલ તેના માતા-પિતા સાથે રહે છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું અગાઉ ચાર વર્ષ પહેલા કોલેજમાં ભણતી ત્યારે ઇન્સ્ટાગ્રામ આઇડી મારફત રાજ ઝીઝુંવાડીયા સાથે પરિચય થયેલ અને બાદ મિત્રતા થઇ હતી. અમે ફોન મેસેજ અને રૂબરૂ મુલાકાતોથી વાત કરતાં હતાં. બાદ ૨૦૨૪માં મારી સગાઇ નક્કી થતા રાજ સાથેની મિત્રતા તોડી નાંખી હતી. પણ રાજને સગાઇની જાણ થતાં તેણે મારી સગાઇ તોડાવી નાંખી હતી અને સતત પોતાની સાથે સંપર્ક રાખવા દબાણ કરી ધાકધમકી આપતો હતો. આ પછી તાજેતરમાં મારા લગ્ન થઇ ગયા હોઇ હું સાસરેથી રાજકોટ પીયરે રોકાવા આવતાં તેની જાણ રાજને થતાં રાજ અવાર-નવાર મારી શેરીમાંથી નીકળતો હતો અને મારી સામે ખુન્નસપુર્વક જોતો હતો. આ ઉપરાંત તે પોતાની સાથે સંપર્ક રાખવા, વાત કરવાન સતત દબાપણ કરતો હતો. હું શેરીમાં એક દિવસ ઉભી હતી ત્યારે રાજ મારી પાસે આવેલ અને છરી બતાવી મને કહેલ કે જો તુ મારી સાથે સબંધ નહી રાખે તો તને, તારા ભાઈને તથા તારા પિતા અને પતિ ને પતાવી દઇશ જેથી હું ખુબ ડરી ગયેલ હતી. ત્યારબાદ આ રાજ હુ ઘરની બહાર જ્યાં જાવ ત્યા ત્યા આ રાજ મારી પાછળ પાછળ આવતો અને મને ફોનમાં વાત કરવા માટે તેમજ સંપર્ક રાખવા માટે સતત દબાણ કરતો અને ધાક ધમકી આપતો હતો. ત્યારબાદ માર્ચ મહીનામા રાજ મોરબી મારા સાસરે આવેલ હતો અને ત્યાં આવી મને કહેલ કે મારી પાસે તારા ફોટા છે તે હું તારા સાસરી પક્ષમા વાઇરલ કરી દઉ છું.

તેમ કહી મને ડરાવી ધમકાવી હતી. ત્યારબાદ ફરીથી ગત તા. પાંચમીના રોજ મને મોબાઇલથી ફોન કરી કહેલું કે-જો મારી સાથે સંબંધ નહી રાખે તો મને બદનામ કરી તારા પરીવારને જાનથી મારી નાંખીશ. આમ રાજ સતત હેરાન પરેશાન કરી ધમકાવતો હોઇ અંતે મેં ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતું અને પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં તેણીએ જણાવતાં ભક્તિનગરના પોલીસ ઇન્સ્પેકટર જે. ડી. પરમારના માર્ગદર્શનમાં હેડકોન્સ. ટી. એન. જોષીએ ગુનો દાખલ કરતાં આગળની તપાસ પીએસઆઇ વી. એલ. રાઠોડે હાથ ધરી આરોપીને ઝડપી લેવા કાર્યવાહી કરી હતી. અનેક એવા લેભાગુઓ હોય છે જે આ રીતે જે તે યુવતિ કે પરિણીતાનું જીવતર હરામ કરી દેતાં હોય છે.

---

### વધુ બે અપમૃત્યુની ઘટનાઃ એકે જાતે જીવ દીધો, બીજાનો અકસ્માતમાં ગયો

# ઘરના દરવાજે લટકી જઇ યુવાને દુનિયા છોડી દીધી

## પગ જમીનને અડી ગયા હોઇ પોલીસને શંકા ઉપજતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમઃ બીજી ઘટનામાં કપડા લઇને ટંકારા જઇ રહેલા યુવાનનું રાજકોટ-મોરબી હાઇવે પર કાર અકસ્માતમાં મોત

રાજકોટ,તા.૧૩

અપમૃત્યુની વધુ બે ઘટના સામે આવી છે જેમાં ગોંડલમાં રહેતાં અને હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ ડ્રાઇવર તરીકે નોકરી કરતાં યુવાને રાતે ઘરના દરવાજાના બારસાંખમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ મોત મેળવી લીધુ હતું. આ બનાવને પગલે પરિવારમાં શોક છવાઇ ગયો હતો. જો કે પોલીસને ઘટના શંકાસ્પદ લાગતાં મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. બીજી તરફ રાજકોટ-મોરબી હાઇવે પર બે કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ઘવાયેલા ટંકારાના યુવાનનું મોત થયું હતું. રાજકોટથી કપડા લઇને પરત જતી વખતે આ બનાવ બન્યો હતો.



વિગતો પર નજર કરીએ તો ગોંડલમાં એક શંકાસ્પદ આપઘાતની ઘટના બની હતી. જેમાં યુવાન ઘરના દરવાજા પર લટકતો મળ્યો હતો. તેના પગ નીચે જમીન પર અડી ગયા હતા. આ યુવાન રાતે ઘર બહાર ખાટલો ઢાળીને સુતો હતો. મોડી રાતે તેનો ભાઇ જાગ્યો ત્યારે તેણે તેને લટકતો જોયો હતો. તેના પગ નીચે અડી ગયેલા હતાં. ઘટના પોલીસને શંકાસ્પદ લાગતાં મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. ગોંડલ ભગવતપરા શેરીનં. ૧૧/૨ના ખુણે વડવાળી જગ્યા પાછળ રહેતાં ગૌરવભાઇ નથુરામભાઇ દુધરેજીયા નામના ચાલીસ વર્ષના યુવાને મોડી રાતે ઘરના બારસાંખામાં ચુંદડી બાંધી ફાંસો ખાઇ લેતાં મોત થયું હતું.

ઘટનાની જાણ થતાં ગોંડલ પોલીસ પહોંચી હતી. જો કે ગૌરવભાઇએ ફાંસો ખાધા બાદ તેના બંને પગ સાવ જમીનને અડી ગયેલા હોઇ ઘટના શંકાસ્પદ તો નથી ને? તે જાણવા પોલીસે તપાસ યથાવત રાખી મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર ગૌરવભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે.

પોતે ગોંડલ હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ બેઝ પર એમ્બ્યુલન્સ ડ્રાઇવર તરીકે નોકરી કરતાં હતાં. મોટા ભાઇ રીતેનભાઇ દુધરેજીયાએ જણાવ્યું હતું કે ગૌરવભાઇ ઘરની બહાર ડેલી પાસે ખાટલો ઢાળીને સુતા હતાં. રાતે એક વાગ્યે મારી ઉંઘ ઉડી ત્યારે મેં તેને દરવાજાના બારસાંખમાં લટકતાં જોતાં ઘરના બીજા સભ્યોને અને ૧૦૮ને જાણ કરી હતી.

પણ ડોક્ટરે તેને મૃત જાહેર કર્યા હતાં. તેમને નશો કરવાની આદત હતી. તેણે નશામાં પગલુ ભર્યુ કે અન્ય કારણે? તેની જાણ અમને નથી. તેમ વધુમાં રીતેનભાઇએ કહ્યું હતું. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ વિશેષ કાર્યવાહી કરશે.

બીજી ઘટના જોઇએ તો રાજકોટ-મોરબી હાઇવે પર મારવાડી યુનિવર્સિટીથી આગળ સ્વીફ્ટ કારના ચાલક ટંકારાના યુવાને આગળ જઇ રહેલા ટુવ્હીલરને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં કાબુ ગુમાવતાં આ કાર પલ્ટી ખાઇ આગળની બીજી કાર સાથે અથડાતાં બંને કાર ગોથા મારી ગઇ હતી. સ્વીફ્ટ કારના ચાલક અને સાથે બેઠેલા તેના મિત્રો પેકી એકને ઇજાઓ થતાં સારવાર માટે ખસેડાયા હતાં. જેમાંથી કારચાલકના મિત્રનું મોત થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

વિગતો અનુસાર આ બધા રાજકોટથી કપડા ખરીદીને ટંકારા જઇ રહ્યા હતાં. ટંકારામાં કલ્યાણપર રોડ પર રહેતાં નવઘણ દાદુભાઇ ચૌહાણ નામનો બાવીસ વર્ષનો યુવાન તથા તેના ભત્રીજા આકાશ દેવાભાઇ ચૌહાણ રહે. વડગામડા તા. થરાદ, પાલનપુર અને સુનિલ નાગજીભાઇ સિંધવ (રહે. ટંકારા) તથા આશીક દિલીપભાઇ ચૌહાણ (રહે. ટંકારા) એમ ચારેય જણા સ્વીફ્ટ કાર જીજે૩૬એલ-૨૭૮૬ લઇ ટંકારાથી રાજકોટ કપડા ખરીદ કરવા આવ્યા હતા.

કપડા લઇને આ બધા પરત રાજકોટથી ટંકારા જવા નીકળ્યા ત્યારે બપોરે મારવાડી કોલેજથી આગળ પહોંચ્યા ત્યારે કાર ચલાવી રહેલા આકાશ ચૌહાણે આગળ જઇ રહેલા બાઇકને ઓવરટેક કરતી વખતે કાબુ ગુમાવતાં કાર પલ્ટી મારી ગઇ હતી. તેમજ આગળ અન્ય એક કાર જતી હોઇ તેની સાથે અથડાતાં બંને કાર ગોથા મારી જતાં ભારે નુકસાની થઇ હતી. આ અકસ્માતમાં આકાશને છાતીના ભાગે મુંઢ ઇજા થઇ હતી અને નવઘણને માથામાં શરીરે ઇજાઓ થતાં લોહીલુહાણ થઇ બેભાન થઇ ગયો હતો. બીજા બે સુનિલ અને આશીકને ઇજાઓ થઇ નહોતી. બનાવને પગલે ભેગા થઇ ગયેલા લોકોએ નવઘણ અને આકાશને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન નવઘણનું મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

આ બનાવમાં કુવાડવા રોડ પોલીસ મથકના લક્ષ્મણભાઇ મહાજને મૃતક નવઘણના કાકા ટંકારા રહેતા સલિમભાઇ તારમહમદભાઇ ચૌહાણની ફરિયાદ પરથી કારચાલક આકાશ દેવાભાઇ ચૌહાણ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. મૃત્યુ પામનાર નવઘણ ઘર પાસે ચા વેંચતો હતો. તે બે ભાઇ અને બે બહેનમાં મોટો હતો. તેના લગ્ન થઇ ગયા હતાં અને અને સંતાનમાં એક દિકરો છે. જો કે પત્નિ સાથે તેના છુટાછેડા થઇ ગયા હતાં. યુવાન દિકરાના મોતથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.

ગુનેગાર ગમે એવો શાતીર હોય તેની નાનકડી ભૂલ પણ પોલીસને આવે છે કામ

# હત્યા કરી લાશ સળગાવાઈ: કેરબાના ઢાંકણાથી ભેદ ખુલ્યો

## સળગેલી લાશ પાસેથી સફેદ ઢાંકણ મળ્યું: સીસીટીવીમાં એક શખ્સ સફેદ કેરબામાં ડીઝલ લઇને જતો દેખાયો: પોલીસે ફૂટેજ ફંફોળ્યા અને ખોબનાક મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ ગઇ

રાજકોટ,તા.૧૩

ગુનેગાર ગમે એવા શાતીર હોય તે કોઈને કોઇ ભુલ કરે છે અને આવી એની ભુલ જ પોલીસને તેના સુધી પહોંચાડી દેતી હોય છે. આ વાત વધુ એક વખત સાબીત થઇ છે એક મર્ડર મિસ્ટ્રી પોલીસે ઉકેલી નાંખી છે. કેરબાના એક નાનકડા બુચને આધારે પોલીસ હત્યારા સુધી પહોંચી ગઇ હતી. ગયા મહિને નદીમાં સળગેલી હાલતમાં એક લાશ મળી આવી હતી. આ ઘટના હત્યાની હોવાનું સ્પષ્ટ થઇ ગયા બાદ પોલીસે તપાસ આગળ વધારી હતી. હત્યારાએ ખુબ જ ચતુરાઇ પુર્વક આ ઘટનાને અંજામ આપ્યો હતો અને કોઇ ડીજીટલ ફૂટપ્રીન્ટ પણ ન મળે તેનું ધ્યાન રાખ્યું હતુંઉ પરંતુ પોલીસને ઘટના સ્થળેથી ડીઝલની વાસ મારતું એક સફેદ રંગનું પ્લાસ્ટીકનું બુચ મળ્યું હતું. બસ આ બૂચ પોલીસ માટે રસ્તો બન્યું હતું અને હત્યારા સુધી પોલીસને દોરી ગયું હતું. આમ હત્યારાની બૂચ ભુલી જવાની ભુલ તેને ભારે પડી ગઇ હતી. પોલીસને યુવાન બાતમી આપતો હોવાની શંકાએ દગાથી તેને નદીમાં લઇ જઇ પતાવી દઇ લાશ સળગાવી દેવાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં સાબરમતી નદીના પટમાં ભડભડ સળગતી લાશનો કોયડો ઉકેલાયો. ગત બારમી તારીખે સરખેજ પોલીસની ટીમને સાબરમતી નદીના પટમાં એક લાશ સળગતી હોવાની જાણ થઈ. સ્થળ પર પોલીસે જોયું તો લાશ અડધાથી વધુ સળગી ગઈ હતી. પોલીસ વાનમાંથી પાણી લાવી આગ ઓલવી અને તાબડતોબ તપાસ શરૂ કરી. ગુનેગારો એટલા ચાલાક હતા કે ડિજિટલ ફૂટપ્રિન્ટ ન મળે તે માટે તેઓ કોઈપણ ઈલેક્ટ્રોનિક ગેજેટ કે મોબાઈલનો ઉપયોગ કરતા ન હતા. પરંતુ લાશને સળગાવવાની ઉતાવળમાં તેઓ ડીઝલની વાસ મારતું એક મામૂલી સફેદ પ્લાસ્ટિકનું બૂચ ત્યાં જ ભૂલી ગયા અને મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલાયો હતો. મહત્ત્વનું છે કે, આ મર્ડર મિસ્ટ્રી અંગે તપાસ અધિકારીએ વિગતવાર વાત કરી હતી અને અડધાથી વધુ સળગેલી લાશ મળ્યા બાદ કેવી રીતે તપાસ કરીને હત્યાનો કોયડો ઉકેલ્યો તે જણાવ્યું હતું.




વિગતો જોઇએ તો બારમી એપ્રિલના સવારે ચારથી પાંચ વાગ્યાના અરસામાં સરખેજ પોલીસની પેટ્રોલિંગ ટીમને વણઝર નદીના કિનારે એક સળગતી લાશ મળી આવી હતી. પોલીસે પોતાની ગાડીમાં રહેલા પાણીથી આગ બુઝાવી અને તરત જ ઉપરી અધિકારીઓને આ અંગે જાણ કરી. જાણ થતાં જ એક કલાકની અંદર ડીસીપી એસીપી અને એલસીબીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને જગ્યાનું ઝીણવટભર્યું નિરીક્ષણ શરૂ કર્યુ હતું. ગુનાના સ્થળને કોર્ડન કરીને તપાસ કરતા પોલીસના ઉપરી અધિકારીઓને ૩ મુખ્ય પુરાવાઓ મળ્યા, લાશ પાસે પડેલા કેટલાક લાકડા, લાશથી થોડે દૂર પડેલું ડીઝલની વાસ મારતું સફેદ પ્લાસ્ટિકનું બૂચ અને રિક્ષાના ટાયરના નિશાન. આ પુરાવાઓને આધારે તપાસ માટે અલગ-અલગ ટીમો બનાવી ત્રણ પ્લાન બનાવ્યા હતાં.

જેમાં સીસીટીવી ફૂટેજ ચેક કરવા, નજીકના પેટ્રોલ પંપ પર તપાસ કરવી અને શંકાસ્પદ રિક્ષાની તપાસ કરવાની હતી. આ તપાસ દરમિયાન એલસીબીની ટીમને વણઝર ગામની બહાર રિંગ રોડના એચપી પેટ્રોલ પંપ પરથી એક વ્યક્તિ સફેદ કેરબામાં ડીઝલ લઈ જતો હોવાનું સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યું. પેટ્રોલ પંપના કર્મચારીએ પણ આ વાતની પુષ્ટિ કરી કે તે વ્યક્તિએ ૧૦૦૦ રૂપિયા આપીને સફેદ કેરબામાં ડીઝલ ખરીદ્યું હતું. ફૂટેજની વધુ તપાસ કરતા ખબર પડી કે તે વ્યક્તિ એકલો ન હતો, પરંતુ બાઇક પર અન્ય બે લોકો પણ બહાર તેની રાહ જોઈ રહ્યા હતા. એલસીબીને બાતમીદારો પાસેથી વધુ તપાસ કરતા માહિતી મળી કે ડીઝલ લેવા જનાર વ્યક્તિનું નામ દીપક રાવળ હતું. દીપક અનાથ હતો અને કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક ગેજેટ કે ફોનનો ઉપયોગ કરતો ન હતો.

જેથી તેને શોધવો મુશ્કેલ હતો. આખરે પોલીસે દીપક જેની સાથે રહેતો હતો તે મિત્ર રાહુલના ડિજિટલ ફૂટપ્રિન્ટ, ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકની એક્ટિવિટીઝ ટ્રેક કરીને શંકાસ્પદ નંબરો અલગ કર્યા અને તેનું લોકેશન મેળવ્યું હતું. એ જ સમયે બાતમીદારોએ માહિતી આપી કે ધોળકા-સરખેજ બ્રિજ નીચે એક રિક્ષામાં દીપક, મુખ્ય આરોપી જીતુ અને તેનો મિત્ર રાહુલ છુપાયેલા છે, જ્યાંથી પોલીસે કોર્ડન કરીને તેમને પકડી પાડ્યા. પૂછપરછમાં જાણવા મળ્યું કે જીતુ અગાઉ દારૂના ગુનામાં સંકળાયેલો હતો અને તેના પર કપડવંજ પોલીસ સ્ટેશનમાં વોરંટ પણ ચાલતું હતું. જીતુને શંકા હતી કે રિક્ષાચાલક મૃતક જાવેદ પોલીસને તેની બાતમી આપતો હતો, જેથી આ અદાવતમાં તેણે હત્યા કરવાનું નક્કી કર્યું હતું.

હત્યાના કાવતરા મુજબ જીતુએ જાવેદને ધોળકા રિક્ષા સ્ટેન્ડ પર જોયો અને બાઇક લઈને આવેલા પોતાના મિત્રો દીપક અને રાહુલને ત્યાં બોલાવ્યા. જીતુએ દીપકને પાચસો રૂપિયા આપીને જાવેદની રિક્ષા વણઝર જવા માટે ભાડે કરાવી અને રામદેવ ટી સ્ટોલ પાસે દીપક ઉતરી ગયા બાદ જીતુ પોતે રિક્ષામાં બેસી ગયો. જીતુ જાવેદને નદીમાં લઈ ગયો અને ત્યાં તેની છાતીમાં એટલી જોરથી છરો માર્યો કે છરો પાછો ખેંચતી વખતે તેનું હેન્ડલ પણ બહાર આવી ગયું, ત્યારબાદ ત્રણેયે મળીને લાશને નદીમાં ફેંકી દીધી. હત્યા કર્યા બાદ તેઓ જાવેદની રિક્ષામાં જ લાકડા લાવ્યા અને લાશને સળગાવી, પરંતુ લાશને સળગવામાં વાર લાગતી હોવાથી દીપકને ડીઝલ લેવા મોકલ્યો હતો.

ઉતાવળમાં તેઓ ડીઝલના સફેદ કેરબાનું બૂચ ત્યાં જ ભુલી ગયા, જે પોલીસ માટે સૌથી મોટો પુરાવો બન્યો. પોલીસ પકડી ન પાડે તે માટે તેઓ જાવેદની રિક્ષા લઈને ત્રીસથી પાંત્રીસ કિલોમીટર દૂર પીપળજ ગામે ગયા, જ્યાં પેટ્રોલ પંપથી પાંચસો રૂપિયાનું ડીઝલ લાવીને રિક્ષા અને પેલો કેરબો બંને સળગાવી દીધા. પોલીસે માત્ર ચારથી પાંચ કલાકમાં જ પહેલી કડી મેળવીને સતત તપાસ કરી આ સંપૂર્ણ હત્યાકાંડનો ભેદ ઉકેલી નાખ્યો હતો. આમ ગુનેગાર ગમે એવા શાતીર હોય તો પણ તેની એક નાનકડી એવી ભુલ પણ પોલીસને સફળતા અપાવતી હોય છે તે વાત વધુ એક વખત આ કિસ્સામાં સાબીત થઇ હતી.

જેની સાથે સાત વર્ષથી લગ્ન વગર પત્નિની જેમ રહેતી એણે જ ભોગ લીધો

# રસોઈના ધૂમાડાનો ડખ્ખો પ્રેમીએ કરી પ્રેમિકાની હત્યા

રાજકોટ,તા.૧૩

પ્રેમ પ્રકરણમાં કે પછી પતિ-પત્નિ દ્વારા એકબીજા સાથે બેવફાઇ થવાના કિસ્સામાં હત્યાની ઘટનાઓ વધી ગઇ છે. વધુ એક પ્રેમ કહાનીનો પ્રેમીના હાથે પ્રેમિકાની હત્યા સાથે કરૂણ અંત આવ્યો છે. સાત વર્ષથી લગ્ન વગર સાથે રહેતાં યુવક-યુવતિ વચ્ચે ઘરમાં રસોઇ બનાવતી વખતે ધૂમાડો થવા બાબતે બોલાચાલી થતાં પ્રેમીએ પ્રેમિકાને કાતરના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી.

હત્યાની આ ચોંકાવનારી ઘટના પર નરજ કરીએ તો સુરત શહેરના અમરોલી વિસ્તારમાં નજીવી બાબતે માનવી કેટલો હિંસક બની શકે છે તેનો પુરાવો આપતી ઘટના સામે આવી છે. ઝવેરી મહોલ્લામાં રસોઈ બનાવતી વખતે થયેલા ધુમાડા જેવી સામાન્ય વાતમાં થયેલા ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. પત્નિ તરીકે સાથે રહેતી મહિલાની તેના જ પ્રેમીએ કાતરના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ અમરોલીના ઝવેરી મહોલ્લામાં રહેતા જયાબેન કે જેની ઉમર ચાલીસ વર્ષ હતી. તેણી રાત્રે ઘરે જમવાનું બનાવી રહ્યા હતા. આ સમયે રસોઈનો ધુમાડો થતા તેમની સાથે છેલ્લા સાત વર્ષથી પતિ-પત્નિ તરીકે રહેતા ભાવેશ મનુભાઈ પાંડવ ઉશ્કેરાઈ ગયો હતો.

તેણે તું કેમ ધુમાડો કરે છે? તેમ કહી પ્રેમિકા જયાબેન વચ્ચે ઉગ્ર બોલાચાલી કરી હતી. પછી આવેશમાં આવી ગયેલા ભાવેશે ઘરમાં પડેલી કાતર ઉઠાવી જયાબેનના ગળાના ભાગે ઝીંકી દીધી હતી. ગંભીર રીતે ઘવાયેલા જયાબેનને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક અમરોલીની ખાનગી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જોકે, ઈજા ગંભીર હોવાથી અને વધુ પડતું લોહી વહી ગયું હોવાથી તેમને વધુ સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કરી હતી.

હત્યાની આ ઘટનામાં હત્યાનો ભોગ બનનાર મહિલાના પુત્ર સુનિલ ઉર્ફે લાલુ વિજેતાએ અમરોલી પોલીસ મથકમાં ભાવેશ પાંડવ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. સુનિલે પોલીસને જણાવ્યું હતું કે તેના પિતા વીસ વર્ષ પહેલા છોડીને જતા રહ્યા બાદ બીજા લગ્ન કર્યા હતા, જેનું પણ મોત થયું હતું. ત્યારબાદ તેની માતા ભાવેશ સાથે રહેતી હતી. પોલીસે ગુનો દાખલ કરી ભાવેશને સકંજામાં લીધો હતો. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હાલમાં કેટલાક દિવસોમાં પતિ-પત્નિ વચ્ચેના આડાસંબંધોના કારણે હત્યાની ઘટનાઓ વધી ગઇ છે. રાજકોટના બેડલા, કોટડા સાંગાણી પંથકમાં, ચોટીલામાં તેમજ જામનગર અને મોરબી પંથકમાં દામ્પત્ય જીવનમાં દગાખોરીને કારણે હત્યાની ઘટનાઓ બની હતી. ત્યાં હવે પ્રેમી પ્રેમિકા વચ્ચે રસોઇના ધુમાડા બાબતે થયેલી માથાકુટમાં પ્રેમિકાની હત્યા થઇ હતી.



બોલાચાલી બાદ ઉશ્કેરાઈને કાતરના ઘા મારી મોતને ઘાટ ઉતારી: મૃતકના પુત્રની ફરિયાદ પરથી પોલીસે કરી કાર્યવાહી

# નાનો દિયરીયો બાધોકડો: ભાભીને છરી બતાવી

રાજકોટ: નાનો દિયરીયો લાડકો...એવુ જુનુ ગુજારતી ફિલ્મનું ગીત છે. પરંતુ ઘણીવાર દિયરીયા લાડકા મટી મારકણા બની જતાં હોય છે. નાના મવા મેઈન રોડ પર આવેલા રાજનગર ચોક પાસેના વિસ્તારમાં અગાઉ થયેલા ઝઘડાનું મનદુઃખ રાખી એક શખ્સે પોતાની જ ભાભીના ઘરમાં ઘૂસી ગાળાગાળી કરી, છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. આ બનાવમાં માલવીયાનગર પોલીસે રાજનગર ચોક મેઘમાયાનગર-૧માં રહેતાં પચ્ચીસ વર્ષના નર્મદાબેન સતિષભાઇ વાળાની ફરિયાદ પરથી તેણીના દિયર મનિષ બાબુભાઇ વાળા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. નર્મદાબેનના પતિ કલર કામની મજૂરી કરે છે.

તેણીના સસરા ઘેલાભાઇ, સાસુ મધુબેન તેમના ઘરની સામે જ રહે છે અને દિયર પણ તેના પરિવાર સાથે વિસ્તારમાં રહે છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું છેકે ત્રણેક દિવસ પહેલા મારા દિયર મનિષભાઇએ મારી સાથે બોલાચાલી કરી હતી. તેનો ખાર રાખી ફરીથી મારા ઘરે આવી બોલાચાલી કરી મને ગાળો દેવા માંડતાં તેને આવુ વર્તન કરવાની ના પાડતાં ઉશ્કેરાઇ જઇ નેફામાંથી છરી કાઢી મને બતાવી આજે તો તને જાનથી મારી નાંખવી છે તેવી ધમકી આપતાં મારા સાસુ, નણંદ આવી જતાં તેને પકડવા જતાં તે ભાગી ગયેલ. માલવીયાનગરના હેડકોન્સ. એ. વી. ચાવડાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.



મેઘમાયાનગરમાં જુના મનદુઃખનો ખાર રાખી દિયરે ભાભી સાથે મચાવી ધમાલ: માલવીયાનગરમાં દાખલ થઇ ફરિયાદ

# ભગવતીપરાનો બૂટલેગર પાસામાં ધકેલાયો

રાજકોટ,તા.૧૩

વધુ એક બૂટલેગરને પોલીસ કમિશનરે પાસાના શસ્ત્ર તળે જેલભેગો કર્યો છે. શહેરમાં દારૂબંધીના કાયદાના કડક અમલ અને નશાના કારોબારને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા પાસાના શસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વારંવાર દારૂના ગુનામાં પકડાયેલા ભગવતીપરા વિસ્તારના આરીફ હાસમભાઇ જુણાચ વિરૂધ્ધ ક્રાઈમ બ્રાન્ચે પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. જેને મંજૂરી મળતા આરોપીને અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલી દેવાયો છે.

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઇ-ગુજકોપ પ્રોજેક્ટની મદદથી આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ તપાસવામાં આવ્યો હતો. જેમાં ભગવતીપરા આશાબા પીરની દરગાહ પાસે રહેતો આરીફ જુણાચ સતત દારૂની હેરાફેરી અને વેચાણ જેવી અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો હોવાનું સામે આવ્યું હતું. પોલીસ રેકોર્ડ મુજબ, આરીફ વિરૂધ્ધરાજકોટના અલગ-અલગ પોલીસ સ્ટેશનો જેમ કે ડીસીબી, બી-ડિવીઝન, ગાંધીગ્રામ, પ્ર.નગરમાં તેમજ વડોદરામાં દારૂના આઠ જેટલા ગુના નોંધાયા હતાં. પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક અને ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા દ્વારા દારૂની બદી ડામી દેવા અપાયેલી સૂચના અન્વયે એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ આ દરખાસ્ત પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ વી. ડી. ડોડીયા, પીસીબીના એએસઆઇ રાજુભાઇ દહેકવાલ, હેડકોન્સ. ઈન્દ્રજીતસિંહ સીસોદીયાએ વોરન્ટ બજવણી કરી હતી.

જામનગર રોડ જલારામ હોટલ પાસે રાતે સર્જાયો ગમખ્વાર અકસ્માત: બસ ચાલક ભાગી ગયો

# જમવા જઈ રહેલી બાળાનું બસની ઠોકરે મોત: બહેન ગંભીર

## ભીમનગરના મહિલા ત્રણ દિકરીઓ સાથે જમવા જતાં હતાં ત્યારે બનાવ: બે નાની દિકરીઓને ટુવ્હીલર સાથે ઠોકરે લઇ બસચાલક ભાગી ગયો: મહિલા અને મોટી દિકરી રિક્ષામાં હતાં: પંદર વર્ષની દિકરીનું મોત: દસ વર્ષની દિકરી ગંભીર







રાજકોટ,તા.૧૩

શહેરમાં જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટના બની છે. જેમાં મોટા બહેન, મમ્મી સાથે જમવા જઇ રહેલી બે બહેનો ટુવ્હીલર સહિત ખાનગી બસની ઠોકરે આવી ગઇ હતી. બંનેને ગંભીર ઇજા સાથે હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ પંદર વર્ષની બહેનનું મૃત્યુ થયું હતું. ભીમનગરમાં રહેતાં મહિલા પોતાની ત્રણ દિકરીઓને હોટલમાં જમવા લઇ જતાં હતાં ત્યારે આ બનાવ જામનગર રોડ જલારામ હોટલ પાસે બન્યો હતો. મહિલા તેની મોટી દિકરી સાથે રિક્ષામાં હતાં. જ્યારે બે નાની દિકરીઓ ટુવ્હીલર પર હતી. વિગતો પર નજર કરીએ તો હિટ એન્ડ રનની વધુ એક ઘટના બની છે. જામનગર રોડ પર જલારામ હોટલ નજીક રાતે ખાનગી બસનો ચાલક ટુવ્હીલરની ઉલાળીને ભાગી જતાં આ ટુવ્હીલરની ચાલક ભીમનગરની ૧૫ વર્ષની બાળા અને પાછળ બેઠેલી તેની દસ વર્ષની બહેન બંને રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. જેમાં સવારે પંદર વર્ષની બહેનનું મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. આ બંને બહેનો ટુવ્હીલરમાં અને તેના મોટા બહેન અને માતા સહિતના બીજા સ્વજનો રિક્ષામાં હતાં. હોટલમાં જમવા જતી વખતે બનાવ બન્યો હતો. અકસ્માત સર્જી બસનો ચાલક ભાગી ગયો હતો.

વધુ માહિતી અનુસાર નાના મવા ભીમનગરમાં રહેતાં નીશાબેન દિનેશભાઇ વાઘેલા નામના મહિલાના પતિ દિનેશભાઇ હયાત ન હોઇ પોતે પારકા કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઇકાલે રાતે નીશાબેનને સંતાનમાં ત્રણ દિકરીઓ દર્શના જે અઢારવર્ષની છે તેથા પંદર વર્ષની તન્વી અને દસ વર્ષની કાવ્યા છે. નાની દિકરીઓએ ગત રાતે બહાર હોટલમાં જમવા જવાની ઇચ્છા વ્યક્ત કરતાં નીશાબેને હા પાડી હતી. બધાએ જામનગર રોડ પર આવેલી જલારામ હોટલ પાસે જમવા જવાનું નક્કી કર્યુ હતું. આ દરમિયાન નીશાબેન અને મોટી દિકરી દર્શના રિક્ષામાં બેઠા હતાં.

જ્યારે નાની દિકરી તન્વીએ પોતે અને તેનાથી નાની કાવ્યા ટુવ્હીલર પર આવશે તેવું કહ્યું હતું. આ રીતે બધા ભીમનગરથી જામનગર રોડ જલારામ હોટલ નજીક પહોંચ્યા હતાં. પણ તન્વી અને કાવ્યા જે ટુવ્હીલર પર હતાં તેને એક ખાનગી બસના ચાલકે ઠોકરે લઇ લેતાં બંને બહેનો વાહન સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. માતા-મોટી બહેન સહિતના લોકો રિક્ષામાં હોઇ તેઓ દોડી આવ્યા હતાં. તન્વી અને કાવ્યા બંનેને ગંભીર ઇજા સાથે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ઇમર્જન્સી વોર્ડમાં સારવાર ચાલુ કરવામાં આવી હતી.

પરંતુ સવારે મોટી પંદર વર્ષની દિકરી તન્વી દિનેશભાઇ વાઘેલાનું મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર તન્વીએ આ વર્ષે જ ધોરણ-૧૦ની પરિક્ષા આપી હતી. જો કે તાજેતરમાં જાહેર થયેલા પરિણામમાં તેને નાપાસ જાહેર કરવામાં આવી હતી. સારવાર હેઠળ રહેલી કાવ્યા ધોરણ-૭માં અભ્યાસ કરે છે. લાડકી દિકરીના મૃત્યુથી વાઘેલા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. ગાંધીગ્રામ પોલીસે જીવલેણ અકસ્માત સર્જી ભાગી ગયેલા બસ ચાલકને શોધવા તજવીજ હાથ ધરી હતી.

### ચોક્કસ જૂથો જ્ઞાતિવાદી સમીકરણોના સોગઠા ગોઠવી હરીફને કાપવા કરી રહ્યા છે મથામણ

# મનપાના પદાધિકારીની પસંદગીમાં પૈસા બોલશે કે કામ ?

## પ્રથમ વાર ચૂંટાયેલાને હોદો ન આપવા, હોદ્દામાં નો રીપીટ થિયરી , અને વિધાનસભા વિસ્તારમાં એક-એક હોદેદારની પસંદગી માટે કવાયત



રાજકોટ, તા. ૧૩

ગત સાંજે પ્રમુખ, જિલ્લા પ્રભારી મંત્રી, પ્રદેશના અમુક નેતાઓએ જીતુ વાઘાણીના સરકારી નિવાસ્થાને મિટિંગ કર્યાના વાવડ વચ્ચે આજે સવારે ૧૦ વાગ્યે રાજકોટ મનપાના પદાધિકારીઓની પસંદગી માટે પાર્લામેન્ટરી બોર્ડ મળી રહ્યું છે. ત્યારે મલાઈદાર હોતા મેળવવા ભાજપના નેતાઓમાં ગળાકાપ હરીફાઈ, દાવપેચ, કુટનીતિ અને અત્યંત નિમ્ન કક્ષાની રજૂઆતો નો રાફડો પાર્ટીઓ હોવાના વાવડ મળતા એવું ચોક્કસ કહી શકાય કે કોંગ્રેસના આંતરિક કાવા દાવાઓને રાજકોટના સ્થાનિક નેતાઓએ ક્યાંય પાછળ છોડી દીધા છે. અને ટોચની કેન્દ્રીય નેતાગીરીને એકબીજાના કાળા કરતુ તોની ખાનગીમાં જાણ કરી આગામી વિધાનસભા ચૂંટણી માટે મોકલું મેદાન કરવા પોતાના માનીતાઓને સત્તા સ્થાને બેસાડવાના મરણીયા પ્રયાસો કર્યા છે.

**રાજકોટ સહિત ૧૫ મનપાના નવા મેયરોની વરણી ૧૯મી સુધીમાં**

આજે રાજકોટના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન, શાસક પક્ષનેતા અને દંડકની પસંદગી માટે દસ વાગ્યે પાર્લામેન્ટરી બોર્ડ મળી રહ્યું છે. ત્યારે રાજકોટ ભાજપના અલગ અલગ ચારેક જૂથોએ એડી ચોટીનું જોર લગાવ્યું છે. કેન્દ્રીય નેતાગીરી સુધી એકબીજાના નકારાત્મક મુદ્દાઓ પહોંચાડવાના વાવડ મળી રહ્યા છે. આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ ધારાસભાની ટિકિટના દાવેદારો તથા વર્તમાન ધારાસભ્યોએ પોતાનો હાથ ઉપર રહે તે માટે પોતાની પસંદગીના પદાધિકારીઓની વર્ણી થાય તે માટે મરણીયા પ્રયાસો કર્યા હતા અને હજુ કરી રહ્યા છે.

રાજકોટ ભાજપના સક્રિય કાર્યકર્તાઓમાં ચર્ચાથી વિગતો મુજબ દરેકના મનમાં એવો પ્રશ્ન ઊભો થયો છે કે પૈસાની બોલબાલા વધુ એક વાર સફળ થશે કે કાર્યકર્તાની કરમઠતા, પ્રામાણિકતા, કે પરસેવો બોલશે. વર્ષોથી ભાજપ માટે અથાગ પરિશ્રમ કરનારી તથા મહેનતને પ્રાધાન્ય આપશે કે પેરાશુટથી વોર્ડમાં ખાબકેલા અને ભાજપના કાર્યકર્તાની મહેનતથી ચૂંટાયેલા વગદાર નગરસેવકને સત્તાનું સુકાન શોખ છે તે અંગે છાણા ખૂણે બરાબરની ચર્ચા જાગી છે. મળતા અહેવાલો મુજબ એકબીજા જૂથ પોતાના હરીફને હંપાવવા અન્ય શહેરોમાં જે તે જ્ઞાતિના ઉમેદવારોની પસંદગી થાય તે માટેના પ્રયાસો કરી રહ્યા છે. દાખલા તરીકે ભાવનગરમાં હરીફ જૂથ ક્ષત્રિય મેર બનાવવામાં સફળ થાય તો રાજકોટમાં ટીકુભા જાડેજા આપોઆપ કપાય એવી જ રીતે જો જામનગરમાં બ્રાહ્મણ કોર્પોરેટરને મહત્વનો હોદ્દો મળે તો રાજકોટમાંથી નેહલ શુકલ કે મનીષ ભટ્ટને પછડાટ આપવામાં સરળતા રહે. એવી જ રીતે જો અન્ય શહેરોમાં લેઉવા - કડવા પાટીદારને મહત્વનો હોદ્દો મળે તો રાજકોટમાં કેતન ઠુંમર, દિલીપ લુણાગરિયા કે અશ્વિન ભોરણીયાને મ્હાત આપી શકાય.

**ગુજરાત ભાજપની પાર્લામેન્ટરી બોર્ડ બેઠકનો બીજો તબક્કો શરૂ**

મળતા અહેવાલો મુજબ મેયર, સ્ટેન્ડિંગ ચેરમેનના હોદા માટે શહેર ભાજપના બે જૂથ વચ્ચે રાજકીય રમત અને લડાઈ તમામ હદ તથા મર્યાદા પાર કરી સંભવિત દાવેદારોના ચોક્કસ કડવા કરતું તો તથા ચોક્કસ બાબતની સંડોવણી અંગે છેક વડાપ્રધાન તથા કેન્દ્રીય ગૃહ મંત્રી સુધી વિગતો પહોંચાડ્યાના વાવડો મળે છે. ત્યારે ચૂંટાયેલા કોર્પોરેટરો માથી ૨૦ નામોની યાદી પ્રદેશને સુપ્રત કર્યાનું અને મેયર, ડેપ્યુટી મેયર તથા સ્ટેન્ડિંગ ચેરમેન માટે ત્રણેક નામની પેનલની યાદી તૈયાર કરાયાનું જાણવા મળે છે. આ ૨૦ નામોમાં કેતન ઠુંમર, દિલીપ લુણાગરિયા, ઘનશ્યામભાઈ હેરભા, અશ્વિન ભોરણીયા, નરેન્દ્રસિંહ જાડેજા, દક્ષાબેન વસાણી, કાળુ કુગસિયા, પરેશ પીપળીયા, મનીષ ભટ્ટ , નિલેશ હેરભા, હિરેન ખીમાણીયા વિગેરેનો સમાવેશ થાય છે.

**કાર્યકર્તાઓની કર્મઠતા, પ્રામાણિકતા, પક્ષ પ્રત્યે વર્ષોથી અથાગ પરિશ્રમ કરનારની મહેનતને પ્રાધાન્ય અપાશે કે પેરાશૂટથી વોર્ડમાં આવેલા અને ભાજપના કાર્યકરોની મહેનતથી ચૂંટાયેલા વગદાર કોર્પોરેટરોને સત્તાનું સુકાન સોંપાશે ?**

રાજકોટ, જામનગર, ભાવનગર સહિતના મહાનગર પાલિકા વિસ્તારોમાં સંભવિત નામોને લઈને સંગઠનના વરિષ્ઠ નેતાઓ વચ્ચે ચર્ચા ચાલી રહી છે. મુખ્યમંત્રી નિવાસસ્થાને યોજાનારી પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ બેઠકનો બીજો તબક્કો અંદાજે બે દિવસ સુધી ચાલે તેવી શક્યતા છે. આ બેઠક દરમિયાન સંગઠનાત્મક સંતુલન, જાતિ સમીકરણ, પ્રાદેશિક પ્રતિનિધિત્વ તેમજ વરિષ્ઠ અને નવોદિત નેતાઓ વચ્ચે સંતુલન જળવાઈ રહે તે મુદ્દાઓને ખાસ મહત્વ આપવામાં આવશે. સાથે જ કાર્યક્ષમતા અને સ્વચ્છ છબી ધરાવતા નેતાઓને પ્રાથમિકતા આપવા પર પણ ભાર મૂકાઈ રહ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા દરેક વોર્ડના નાગરિકો પોતાની પ્રાથમિક જરૂરિયાત પ્રશ્ને શાસકો સામે રોષ વ્યક્ત કરે છે પણ વર્ષોથી ભાજપને સમર્પિત પ્રજાજનો જ્યારે પરિણામ બહાર પડે ત્યારે ભાજપને જ સ્પષ્ટ બહુમતી આપીને વિજેતા બનાવે છે. વર્ષોથી એકચક્રી અને એકહથ્થુ શાસનને કારણે આપણને કહેનારૂ કોઇ નથી તેવું માની બેઠેલા ભાજપના નગરસેવકો પર જો લગામ કસવામાં પ્રદેશ ભાજપ સફળ રહે છે કે કેમ તે આગામી દિવસોમાં જ પદાધિકારીઓની પસંદગી સાથે જ ખબર પડી જશે. પ્રદેશ ભાજપ ભાજપના પ્રમાણિક અને નિષ્ઠાવાન કોર્પોરેટરો પર પસંદગીનો કળશ ઢોળે છે કે પછી જેસે થે વેસે?

**હોદાઓ મેળવવા અત્યંત નિમ્ન કક્ષાના રાજકીય દાવ પેચ કરી હરીફને નીચો દેખાડવાની પરાકાષ્ઠાએ પહોંચતા સ્થાનિક નેતાઓ**

### ભાજપના ટોચના આગેવાનોનું જબરૂ લોબિંગ

ભાજપના ટોચના આગેવાનો દ્વારા ચહીતા ચહેરાઓને હોદો મળે તે માટે હાઈ કમાન્ડમાં જબરૂ લોબિંગ શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ હાલ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જે રોટેશન જાહેર કરવામાં આવ્યું છે તે મુજબ જ હોદ્દેદારોની વર્ણી થશે તો બીજી તરફ પ્રદેશ ભાજપ માટે રાજકોટ મહાનગરના હોદ્દેદારોની વરણી અત્યંત મહત્વની પુરવાર થશે કારણ કે બેઠક વહેંચણીમાં ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા હતા અને અનેક સમાજ નારાજ થયો હતો. જે વાતની ગંભીતાને ધ્યાને લઈ રોસ્ટર ની સાથો સાથ સમાજોના હિતોનું ધ્યાન રાખી નિર્ણય લેવામાં આવે તેવું હાલ ચિત્ર ઉભું થયું છે.

### રાજકોટના રાજકારણીઓને વડાપ્રધાન મોદી – અમિતભાઈ શાહ પગથી માથાં સુધી ઓળખે છે !

રાજકોટના ભાજપના આગેવાનો નેતાઓ અને કાર્યકરો કેવા છે અને કોણ નિષ્ઠાવાન તેમજ પાર્ટીને સમર્પિત છે તે વડાપ્રધાન મોદી સારી રીતે જાણે છે. કારણ કે નરેન્દ્રભાઇને રાજકોટની પ્રજાએ ધારાસભ્ય, મુખ્યમંત્રી અને હવે વડાપ્રધાનના પદ સુધી પહોંચાડ્યા છે. વડાપ્રધાન આ વાતનો ઉલ્લેખ અને સ્વીકાર અવારનવાર કોઇને કોઈ કાર્યક્રમમાં કરીને રાજકોટનુ ઋણ સ્વીકાર કરે છે. વડાપ્રધાન મોદી રાજકોટના ભાજપના નેતાઓ અને રાજકારણીઓને પગથી માથા સુધી ઓળખે છે. છેલ્લા કેટલાંક સમયથી શહેર ભાજપ ઉપર કોંગ્રેસ કલ્ચરનો પંજો કસાયેલો છે. શહેર ભાજપમાં જુના જોગીઓ અને પક્ષ માટે મુક સેવક બનીને કામ કરનારા કાર્યકરો નેતાઓ હાંસિયામાં ધકેલાઇ ગયા છે. અને જુના કે વર્તમાન ધારાસભ્યોએ શહેર ભાજપ પર કબજો જમાવી દીધો છે. એ વાત પણ વડાપ્રધાન મોદીથી અજાણ નહી જ હોય.



# મનપા ઇંધણ પાછળ કરે છે અધધધ ૧૨ કરોડનો ખર્ચ

## અનેક અધિકારીઓ કે જેઓને ગાડીની સુવિધા આપવામાં ન આવે તો પણ ચાલે છતાં માણી રહ્યા છે મોજ

રાજકોટ, તા. ૧૩

વડાપ્રધાન દ્વારા હાલ ઉર્જા અને સોનુ ન ખરીદવા માટે લોકોને અપીલ કરવામાં આવી છે ત્યારે ઊર્જા સંકટને પહોંચી વળવા માટે હાલ વડાપ્રધાનની અપીલનો દરેક લોકો અને ખાસ તો સરકારી વિભાગ ગંભીરતા પૂર્વક વિચાર કરી રહ્યા છે અને તેની અમલવારી પણ કરી રહ્યા છે. ત્યારે આશ્ચર્યની વાત તો એ છે કે મહાનગરપાલિકા પદાધિકારીઓ તથા અધિકારીઓને જે વાહન સુવિધા અને પેટ્રોલ અલાઉસ આપી રહી છે તેમાં ધરખમ ખર્ચો થઈ રહ્યો છે. જેના ઉપર બ્રેક લગાવવામાં આવે તે ખૂબ જરૂરી અને અનિવાર્ય છે. એટલું જ નહીં જ્યાં શક્ય હોય ત્યાં 'વર્ક ફ્રોમ હોમ' અપનાવી ઇંધણની બચત કરવા પણ ભાર મૂક્યો છે. જોકે, આ આહવાનની સૌથી પહેલી અને કડક અમલવારી સરકારી કચેરીઓથી કરવાની જરૂર છે, કારણ કે માત્ર રાજકોટ મહાનગરપાલિકાનો જ વાર્ષિક ઇંધણ ખર્ચ ૧૨ કરોડ પહોંચી ગયો છે. હાલ ક્લાસ વન અધિકારીઓને વાહન સુવિધા આપવામાં આવતી હોય છે ત્યારે અધિકારીઓ પણ માસ ટ્રાન્સપોર્ટ નો ઉપયોગ કરે તો જે ખર્ચ થઈ રહ્યો છે તેમાં ઘણો ખરો ઘટાડો આવી શકશે.

સૌરાષ્ટ્રના આર્થિક અને વહીવટી કેન્દ્ર એવા રાજકોટમાં એ-ગ્રેડની મહાનગરપાલિકા, કલેક્ટર કચેરી, બહુમાળી ભવન અને જિલ્લા પંચાયત જેવી મહત્વની સંસ્થાઓ આવેલી છે. આ તમામ કચેરીઓમાં પદાધિકારીઓથી માંડીને ઉચ્ચ અધિકારીઓ સુધી તમામને મોંઘીદાટ ગાડીઓ અને ઇંધણની સુવિધા મળે છે. ખાસ કરીને રાજકોટ મહાનગરપાલિકાની વાત કરીએ તો, વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન પેટ્રોલ અને ડીઝલ પાછળનો ખર્ચ રૂ. ૧૨ કરોડ જેટલો થયો હતો.

મનપા પાસે અમૂલ સર્કલ નજીક પોતાનો પેટ્રોલ પંપ હોવા છતાં આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. મનપા હસ્તક હાલ ૨૪ દ્દશા કાર સહિત ૩૪૧ પોતાના વાહનો છે અને અનેક વાહનો કોન્ટ્રાક્ટ પર રાખવામાં આવ્યા છે. આ વાહનો અને જનરેટર સેટ પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ધુમાડો થઈ રહ્યો છે. મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન તથા મહાનગરપાલિકાના કમિશનર તથા ડેપ્યુટી કમિશનરને ગાડી મળે તે અંગેની જોગવાઈ છે પરંતુ જે દંડક અને શાસક પક્ષના નેતા છે તેમની સાથે આસિસ્ટન્ટ એન્જિનિયર કક્ષાના અધિકારીઓને જે ગાડી મળી રહી છે તે અયોગ્ય છે તેવું જાણકાર વર્તુળોએ જણાવ્યું છે અને તે ખર્ચ ઉપર અંકુશ લાદવામાં આવે તે માટે તમામ જરૂરી પગલાં લેવાય તે પણ એટલા જ આવશ્યક છે.

હાલ આ અંગે જો ખર્ચ યોગ્ય માત્રામાં કરવામાં આવે તે ખૂબ જરૂરી છે કારણ કે જ્યાં સુધી આ પ્રકારના ખર્ચ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં નહીં આવે ત્યાં સુધી મહાનગરપાલિકા પરનો આર્થિક બોજ વધતો રહેશે. એમ પણ અત્યારે મહાનગરપાલિકા આર્થિક પ્રશ્નોમાં ઘેરાયેલી છે. ત્યારે રાજ્યના મુખ્યમંત્રીએ પણ પોતાની સુરક્ષા કાફલામાં ઘટાડો કર્યો છે. ત્યારે આ બુદ્ધિ પદાધિકારીઓ અને હોદ્દેદારોમાં આવે તે પણ એટલી જ જરૂરી અને આવશ્યક છે.

# કાગળનું જંગલ : ૧૭.૫૦ લાખ વૃક્ષો છતાં રાજકોટ 'હોટ સિટી' !

## વનખાતા દ્વારા લાંબા સમયથી વૃક્ષોની ગણતરી કરવામાં આવી નથી જ્યારે મહાનગરપાલિકા આંકડાની માયાજાળ રચીને શહેરીજનોને ઉંધા ચશ્મા પહેરાવે છે તંત્રના ગ્રીન કવર વધારવાના દાવાઓ સામે અનેક સવાલ

રાજકોટ , તા. ૧૩

એક તરફ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨૨.૮૯ કરોડના ખર્ચે શહેરમાં ૧૭.૫૦ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે ત્યારે બીજી બાજું આકરાં ઉનાળામાં રાજકોટ રાજ્યભરમાં 'હોટ સિટી'ની યાદીમાં મોખરે રહ્યું છે. મહાનગરપાલિકા દ્વારા શહેરને હરિયાળું બનાવવાના બણગાં વચ્ચે એક ચોંકાવનારો આંકડાકીય વિરોધાભાસ સામે આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં તંત્ર દ્વારા કુલ રૂ. ૨૨.૮૯ કરોડનો માતબર ખર્ચ કરીને ૧૭,૫૮,૭૪૬ જેટલા જંગી વૃક્ષોનું વાવેતર કરવાનો દાવો કરવામાં આવ્યો છે. તેમછતાં રાજકોટ રાજ્યના સૌથી ગરમ શહેરોની યાદીમાં મોખરે છે ! આ આંકડાઓ જોતા સ્પષ્ટ થાય છે કે કાગળ પર વૃક્ષોનું 'જંગલ' ઉભું કરવામાં આવ્યું છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. ગત ૧૧ માર્ચના રોજ ૪૨ ડિગ્રી તાપમાન સાથે રાજકોટ આખા દેશમાં સૌથી ગરમ શહેર નોંધાયું હતું, જે તંત્રના ગ્રીન કવર વધારવાના દાવાઓ સામે ગંભીર સવાલો ઉભા કરે છે.

રાજકોટ મહાનગરપાલિકાના સત્તાવાર ડેટા પર નજર કરીએ તો ૨૦૨૧ થી ૨૦૨૬ સુધી ૫ વર્ષમાં વૃક્ષારોપણ પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન થયેલા વર્ષવાર ખર્ચ અને વૃક્ષોની સંખ્યાની વિગત અત્યંત ચોંકાવનારી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૪.૨૧ કરોડના ખર્ચે ૮૪,૮૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૬૦ લાખના ખર્ચે ૩,૩૩૩ વૃક્ષો, વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૩.૯૪ કરોડના ખર્ચે ૩,૮૩,૪૧૯ વૃક્ષો, વર્ષ ૨૦૨૪-૨૫ માં રૂ. ૫.૪૩ કરોડના ખર્ચે ૬,૫૨,૯૫૪ વૃક્ષો અને વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ. ૮.૭૧ કરોડના ખર્ચે ૬,૩૪,૨૪૨ વૃક્ષો વાવવાનો દાવો કરાયો છે.

આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે, વર્ષ દર વર્ષે ખર્ચના આંકડાઓ સતત વધતાં રહ્યા છે. પરંતુ તેની સામે શહેરના તાપમાનમાં કોઈ રાહત મળી નથી. ઉલટાનું, મે મહિનામાં રાજકોટનું તાપમાન ૪૨.૯ ડિગ્રી સુધી પહોંચી જતાં શહેર સતત ગરમીમાં શેકાતું રહ્યું છે. આ સ્થિતિની પાછળનું મુખ્ય કારણ છોડ-ઉછેરમાં દાખવવામાં આવતી ઘોર બેદરકારી અને આધુનિક વ્યવસ્થાનો અભાવ હોવાનું મનાય છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે ચોમાસામાં ઉત્સાહભેર વૃક્ષારોપણના કાર્યક્રમો યોજીને લાખોના ખર્ચે વૃક્ષારોપણ તો કરવામાં આવે છે, પરંતુ આ રોપાઓના જતન અને સંવર્ધન માટે કોઈ નક્કર કે લાંબા ગાળાનું આયોજન દેખાતું નથી.

એક તરફ વિકાસના નામે વર્ષો જૂના અને ઘટાદાર વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવે છે અને તેની સામે જે નવા રોપાઓ વાવવામાં આવે છે. તેમાંથી કેટલાં જીવિત રહે છે તેનો ચોક્કસ ડેટા તંત્ર પાસે નથી. સ્માર્ટ સિટી વિસ્તારમાં પણ રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ. દ્વારા લાખોના ખર્ચે ૫૩,૪૭૧ ચોરસ મીટર વિસ્તારમાં ૨,૩૩,૬૧૮ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આમ છતાં આ નવ વિકસિત વિસ્તારમાં ગ્રીન કવરની મોટી ખામી દેખાઈ રહી છે. માત્ર આંકડાકીય માયાળજાળ ઉભી કરીને મહાનગરપાલિકા દ્વારા માત્ર કાગળ પર જ હરિયાળી બતાવવામાં આવી રહી છે. બીજી બાજું શહેરમાં નાના-મોટા મળીને ૧૮૬ બગીચા આવેલા છે. આ વૃક્ષોની જાળવણી માટે માળી સહિતના ૨૫૦ કરતા પણ વધુ કર્મચારીઓ રાત-દિવસ ફરજ બજાવે છે. શહેરમાં અંદાજે ૧૪ લાખ વૃક્ષો હોવાનું તંત્રનું અનુમાન છે. તંત્ર દ્વારા તમામ બાગ-બગીચાઓની યોગ્ય દેખરેખ સાથે વૃક્ષોનું પણ નિયમિત જતન કરવામાં આવતું હોવાનો પોકળ દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નાગરિકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો તંત્રના દાવા મુજબ વર્ષે સરેરાશ પાંચ લાખ વૃક્ષો વાવવામાં આવતા હોય, તો ૫ વર્ષમાં રાજકોટમાં ૧૫ થી ૧૭ લાખ જેટલા વૃક્ષો હોવા જોઈએ. આટલા બધા વૃક્ષો ખરેખર રોડ સાઈડ અને ગાર્ડનમાં જીવંત હોત, તો આજે રાજકોટનું તાપમાન વર્તમાન તાપમાન કરતા ઓછામાં ઓછું ૨ થી ૩ ડિગ્રી જેટલું નીચું હોવું જોઈતું હતું. શહેરમાં ઓક્સિજન પાર્ક જેવી સ્થિતિ હોવી જોઈએ. પરંતુ વાસ્તવિકતામાં રાજકોટ રાજ્યના સૌથી ગરમ શહેરોની યાદીમાં મોખરે રહે છે. મનપાએ વાવેલા નાના છોડવાઓના ઉછેરમાં રાખવામાં આવતી બેદરકારીને કારણે શહેર 'હોટ સિટી' બની ગયું છે.

મહાનગરપાલિકા દ્વારા રામવન અર્બન ફોરેસ્ટ અને ન્યારી ડેમ ખાતે મોટા પાયે વાવેતર, મિયાવાંકી પદ્ધતિથી સ્માર્ટ સિટી અને વિવિધ વોર્ડમાં ગીચ વૃક્ષારોપણ તેમજ રોડ સાઈડ પ્લાન્ટેશન જેવા પ્રોજેક્ટ્સ પાછળ કરોડો રૂપિયાનો ધૂમાડો કરવામાં આવે છે. રોડસાઈડ પ્લાન્ટેશનમાં ટ્રી-ગાર્ડ સાથે રોડની બંન્ને બાજુ વાવેતર કરવાની યોજનાઓ તો બની. પણ, તેની જાળવણીના અભાવે અડધાથી વધુ રોપાઓ સુકાઈ ગયા અથવા પશુઓ ખાઈ ગયા હોવાની ફરિયાદો ઉઠતી રહે છે.

રાજકોટને 'સ્માર્ટ સિટી' બનાવવાના પ્રયાસોમાં પર્યાવરણની જે રીતે અવગણવામાં આવી રહી છે તે આવનારા સમય માટે ખતરાની ઘંટડી છે. માત્ર વૃક્ષો વાવવાથી જવાબદારી પૂરી થતી નથી. પણ તેને ઘટાદાર વૃક્ષ બનાવવું તે તંત્રની ફરજ છે. મનપા હજુ પણ જમીની હકીકત સ્વીકારીને વૃક્ષોના જતન માટે કોઈ ટેકનોલોજી આધારિત મોનિટરિંગ સિસ્ટમ નહીં અપનાવે, તો કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ રાજકોટ ગ્રિન સિટીને બદલે માત્ર સિમેન્ટનું જંગલ બનીને રહી જશે. આ આંકડાકીય વિરોધાભાસ અને બેદરકારી સામે તંત્રએ જવાબદારી નક્કી કરવી પડશે. અન્યથા આગામી વર્ષોમાં રાજકોટમાં ગરમીનો પારો નવા વિક્રમો સ્થાપશે અને નાગરિકોનું જીવવું દુષ્કર બનશે તે પણ એક કડવી વાસ્તવિકતા છે.



**મનપા પાંચ વર્ષમા રૂ. ૨૨ કરોડનાં ખર્ચે ૧૭.૫૦ લાખ કરતા વધુ વૃક્ષો રોપ્યાનો દાવો કરે છે છતાં રાજકોટ સૌથી વધારે ગરમ શહેર શા માટે !**

### મનપા દ્વારા ક્યાં વર્ષમાં કેટલા ખર્ચે વૃક્ષોનું વાવેતર કરાયું

| વર્ષ | ખર્ચ | વૃક્ષોનું વાવેતર |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪.૨૧ કરોડ | ૮૪,૮૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૬૦.૦૦ લાખ | ૩,૩૩૩ |
| ૨૦૨૩-૨૪ | ૩.૬૪ કરોડ | ૩,૮૩,૪૧૯ |
| ૨૦૨૪-૨૫ | ૫.૪૩ કરોડ | ૬,૫૨,૯૫૪ |
| ૨૦૨૫-૨૬ | ૮.૭૧ કરોડ | ૬,૩૪,૨૪૨ |
| કુલ | ૨૨.૫૯ કરોડ | ૧૭,૫૮,૭૪૮ |